વાદ-વિવાદ માટે ન્યાયક્ષેત્ર અમદાવાદ રહેશે

દર ગુરૂવારે અમદાવાદથી પ્રસિદ્ધ થતું નીડર અને નિષ્પક્ષ સાપ્તાહિક

|| જય અંબે ||

PRGI No : GUGUJ/26/A7414

www.crimereportnews.info

# કેપીટલ રિપોર્ટ્સ

EDITOR : SATHWARA HITESH HELP LINE NO. : 9624404095 CAPITAL REPORTS (GUJARATI WEEKLY) સાપ્તાહિક

YEAR : 1 ★ Issue No. : 02 ★ DATE : 10-09-2026, Thursday ★ PAGE : 4 ★ PRICE : 4/- ★ Email : Mali:- hitu25989@gmail.com

PLACE OF PUBLICATION : 99, MAHADEV VAS-2, NEAR SHARK MARKET, NAVA BADAJ, NARANPURA BISTAR, AHMEDABAD, GUJARAT-380013.

### બાંધકામ ક્ષેત્રમાં આદિવાસીઓ અને પરપ્રાંતીય લોકો કે જેઓ બેવતન હોય છે તેમની મજબુરીનો લાભ ઉઠાવતાં કોન્ટ્રાકટરો

# રાજ્યમાં બાંધકામ ક્ષેત્રમાં મજુરોનું થતું ભયંકર શોષણ

## રાજ્યમાં બાંધકામોનો રાફડો ફાટ્યો છે ત્યારે બાંધકામ ક્ષેત્રમાં કામ કરતા મજૂરોનું શોષણ પણ વધ્યું છે.

**◆◆ મજુર અશિક્ષિત અને ગરીબ હોવાથી બિલ્ડરો અને કોન્ટ્રાકટરો તેનો બહોળો ફાયદો ઉઠાવે છે.**

**◆◆ બાંધકામ ક્ષેત્રમાં મહિલાઓનું આર્થિક તેમજ શારીરિક શોષણ થાય છે. ◆◆**

**◆◆ મજુરો સંગઠનના અભાવે બિલ્ડરોના શોષણનો ભોગ બને છે. ◆◆**

**◆◆ બાળમજુરી ધારાનું ઉલ્લંઘન કરતા કેટલાક કોન્ટ્રાકટરો અને બિલ્ડરો..?! ◆◆**

અમદાવાદ રાજ્યમાં જમીનોના ભાવો જ્યારથી ઉંચકાયા છે ત્યારથી જમીનો લેવા મુડીવાદીઓ પડાપડી કરે છે આ બિલ્ડરો ખેડૂતોને યેનકેન પ્રકારની રીતરસમો અપનાવીને, ક્યારેક ફોસલાવીને તો ક્યારેક ડરાવી-ધમકાવીનો જમીનો સસ્તાદરે હડપ કરી રહ્યો છે. અને પાછળથી તેમાં બિલ્ડિંગો ઊભી કરવામાં આવી રહી છે, બિલ્ડિંગોમાં ફ્લેટ એપાર્ટમેન્ટ, રો-હાઉસ ડુપ્લેક્ષ અને બંગલાઓનો સમાવેશ થાય છે.



ગુજરાતમાં આ બાંધકામોનો રાફડો ફાટ્યો છે. રાજ્યના શહેરોમાં આઉટ વિસ્તારોમાં ખેડૂતોની જમીન ખરીદીને તેમાં બાંધકામો ઉભા કરવામાં આવી રહ્યા છે. જો કે ખરીદનારા વર્ગ પણ મળી રહેતાં આ બાંધકામ ફુલગુલાબી તેજીમાં છે, આ બાંધકામો કરવા કોન્ટ્રાકટરો મજુરોની મોટી ફોજ રાખતાં હોય છે. જેમાં કારીગરો છૂટક મજુરી કરતાં મજુરોનો સમાવેશ થાય છે. આ મજુરોમાં ગરીબ મધ્યમવર્ગના આશિક્ષિત વર્ગ, આદિવાસી વર્ગ પરપ્રાંતીય મજુરો અને મોટાભાગના બાળ મજુરો હોય છે. આ મજુરોનું બાંધકામ ક્ષેત્રે ભયંકર શોષણ થઈ રહ્યું છે. પ્રાપ્ત માહિતી મુજબ રાજ્યમાં બાંધકામ ક્ષેત્રમાં રોકાયેલ મજુરોનું બિલ્ડરો દ્વારા ભયંકર શોષણ થઈ રહ્યું છે, બિલ્ડરો નજીવા પગારે કામ કરવા તૈયાર થતાં હોય તેવા મજુરોને પ્રથમ પસંદગી આપે છે. મજુરો રોકવામાં આવેલ હોય અને તેના રોજમેળ ભાગ્યે જ રાખવામાં આવે છે. આમ આ મજુરો રાખવાની કોઈ કાયદેસરતા હોતી નથી. આ મજુરોમાં ગરીબ, મધ્યમવર્ગમાં પરિવારમાંથી આવેલ મુજરોનો સમાવેશ થાય છે, તો કામ કરતો વર્ગ મોટેભાગે અભણ હોય છે. બાંધકામમાં પરપ્રાંતીય કે આદિવાસી મજુરોનો પણ સમાવેશ થાય છે, અને બાળકોની તો ખાસ્સી એવી સંખ્યા હોય છે, કેટલાક બિલ્ડરો આ બાળ મજુરોને કાળી મજુરી કરાવે છે. અને બાળક સમજીને તેને પગાર પણ અડધો આપે છે. આમ કેટલાક બિલ્ડરો દ્વારા બાળકોનું શોષણ



કરવામાં આવે છે. અસહ્ય મોંઘવારીમાં બે ટંકનું ભોજન મેળવવા અને પરિવારનું ગુજરાન ચલાવવા બાળકો ભણવાની ઉંમરે કામ કરતાં થઈ જાય છે, જેનો લાભ કેટલાંક બિલ્ડરો ઊઠાવે છે. અને બાળકોને અડધો પગાર આપી કામ ઉપર રાખી લે છે.જેઓ બાળ મજુરી ધારાનું પણ ઉલ્લંઘન કરી રહ્યા છે. ઉપરાંત બાંધકામ ક્ષેત્રમાં મહિલાઓનું ખાસ્સુ એવું યોગદાન હોય છે. આ મહિલાઓને પણ પરિવારનું ગુજરાન ચલાવવાની ફિકર હોય છે.

# મજુર સંગઠનો મજુરોમાં જાગૃતિ લાવી તેમનું શોષણ અટકાવે તે ખૂબ જરૂરી

### ૧૭ સપ્ટેમ્બરના રોજ પીએમ મોદીનો જન્મદિવસ

## પ્રધાનમંત્રી મોદીના જન્મદિવસને ભાજપ સેવા દિવસ તરીકે ઉજવશે

### ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે જણાવ્યું કે પીએમ મોદીના જન્મદિવસ પર દેશભરમાં સેવા સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે

વારાણસી

૧૭ સપ્ટેમ્બરના રોજ પીએમ નરેન્દ્ર મોદીનો જન્મદિવસ છે. આ દિવસને ખાસ બનાવવા માટે ભારતીય જનતા પાર્ટી વિશેષ કાર્યક્રમનું આયોજન કરી રહી છે. નવી દિલ્હીમાં એક પ્રેસ કોન્ફરન્સમાં ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના જન્મદિવસ પર દેશમાં સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે. આ એટલા માટે પણ વિશેષ છે કારણ કે પીએમ મોદી આગામી ૭ ઓક્ટોબરે જનસેવાના ૨૫ વર્ષ પૂરા કરશે. પ્રેસ કોન્ફરન્સમાં નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના જન્મદિવસ પર દેશભરમાં સેવા સંકલ્પ અભિયાન ચલાવવામાં આવશે. તેમણે કહ્યું કે ૭ ઓક્ટોબ ૨૦૨૬ના રોજ પીએમ મોદી જનસેવાના ૨૫ વર્ષ પૂરા કરશે. આ સફર ૭ ઓક્ટોબર ૨૦૦૧ના રોજ ગુજરાતના મુખ્યમંત્રી તરીકે પદભાર સંભાળવાની સાથે શરૂ થઈ હતી. છેલ્લા ૨૫ વર્ષમાં તેમણે જનસેવાથી રાષ્ટ્રસેવા તરફ વધવાના મંત્રને અપનાવતા સેવાની આ સફર સતત ચાલુ રાખી છે. નીતિન નવીને કહ્યું કે પીએમ મોદીના આ ૨૫ વર્ષના સમગ્ર કાર્યકાળને આપણે એ રીતે જોઈ શકીએ કે પહેલા દિવસથી જે ધ્યેય વાક્ય અને ધ્યેય શબ્દ તેમના મનમાં રહ્યા. તેમણે તેને હંમેશા સંકલ્પ બનાવ્યા અને તેને સિદ્ધિ સુધી પહોંચાડવામાં તેઓ સફળ રહ્યા. તેમણે કહ્યું કે તેની સફ એક સાધારણ



કાર્યકર તરીકે શરૂ થઈ અને આજે દેશના પ્રધાન સેવક તરીકે તેમણે કાર્યોને આગળ વધાર્યા છે. નરેન્દ્ર મોદીએ દેશનું નેતૃત્વ એવા સમયે સંભાળ્યું કે જ્યારે દેશમાં નિરાશા અને અંધકારનો માહોલ હતો. આપણી અર્થવ્યવસ્થાને fragile ૫ તરીકે જોવામાં આવતી હતી. પરંતુ આજે ભારત દુનિયાની સૌથી તેજીથી વધતી અર્થવ્યવસ્થા તરીકે જોવાય છે. સ્ટાર્ટઅપ અને યુનિકોનના માધ્યમથી ભારત આજે દુનિયાનું ત્રીજું સૌથી મોટું સ્ટાર્ટઅપ નેશન બન્યું છે. સ્ટાર્ટઅપ અને યુનિકોનમાં આપણા યુવાઓ આગળ આવીને ફક્ત જોબ સિકર નહીં પરંતુ જોબ ગિવર્સ બનીને ઊભર્યા છે. આજે ખેલો ઈન્ડિયા અને ફિટ ઈન્ડિયા જેવા માધ્યમથી ભારતના યુવાઓ દરેક ક્ષેત્રમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે.

પીએમ મોદીના જન્મદિવસના અવસરે અનેક કાર્યક્રમો થશે. જેમાં પાર્ટી કાર્યકરો અને જનતા પણ ભાગ લેશે. કાર્યક્રમની શરૂઆત રક્તદાન શિબિરથી થશે.

- ★ ૧૭ સપ્ટેમ્બરે રક્તદાન શિબિરનું આયોજન કરાશે.
- ★ તે દિવસે સાંજે ૭ વાગે આશીર્વાદના દીવાનો કાર્યક્રમ થશે.
- ★ કાર્યક્રમનો હેતુ છેલ્લા ૨૫ વર્ષોમાં પીએમ મોદીના નિષ્ઠાવાન જનસેવા પ્રત્યે આભાર વ્યક્ત કરવાનો છે.
- ★ પ્રત્યેક લાભાર્થી પરિવારો દ્વારા પીએમ મોદીને આશીર્વાદ તરીકે દીપ પ્રગટાવવામાં આવશે.

**૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સેવા સંકલ્પ અભિયાનનું આયોજન થશે.**

નીતિન નબિને કહ્યું કે આગામી મહિને અમે સેવા સંકલ્પ અભિયાનનું આયોજન કરી રહ્યા છીએ. ૧૭ સપ્ટેમ્બરથી ૧૭ ઓક્ટોબર સુધી એક મહિના સુધી આ સેવા સંકલ્પ અભિયાનનું આયોજન કરીશું. ૧૭ સપ્ટેમ્બરને અમે દર વર્ષે સેવા દિવસ તરીકે ઉજવીએ છીએ અને આખો કાર્યક્રમ સેવા પખવાડિયા તરીકે ઉજવીએ છીએ. એક સમય હતો કે જ્યારે સરહદી ગામડાઓને ભારતના છેલ્લા ગામડા કહેતા હતા. પીએમ મોદીએ આ સોચ બદલી અને તેમને ભારતના પ્રથમ ગામડા કહ્યાં. તેનાથી આ લોકોના જીવનમાં જ ફેરફાર આવ્યો છે એવું નથી પરંતુ આ સમુદાયો પ્રત્યે લોકોની સોચ પણ બદલાઈ છે.

### વરસાદની અછત વચ્ચે ગુજરાતના ખેડૂતોને રાહત

## રાજ્ય સરકાર દરરોજ ૨ કલાક વધારાની વીજળી પુરી પાડશે

ગાંધીનગર

રાજ્યમાં વરસાદ ખેંચાવાના કારણે વીજળીની માંગમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે, જેને લઈને રાજ્યના ઊર્જા મંત્રીએ કૃષિ ક્ષેત્ર માટે મહત્વનું નિવેદન આપ્યું છે. વરસાદની અછતના કારણે રાજ્યના ઘણા જિલ્લાઓમાં ખેડૂતોને સિંચાઈ માટે મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, સરકારે ખેડૂતોના હિતમાં ૨ કલાક વધારાની વીજળી આપવાનો નિર્ણય કર્યો છે; જેના પરિણામે હવે કૃષિ માટે ૮ કલાકના બદલે ૧૦ કલાક વીજળી અપાશે. ઊર્જા મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, જેમ જેમ ખેડૂતો તરફથી નવી માંગણીઓ આવી રહી છે, તેમ તેમ વધારાની વીજળી પૂરી પાડવા અંગે સત્વરે નિર્ણય લેવાઈ રહ્યા છે.

આ ઉપરાંત, વરસાદ ખેંચાવાથી ઊભી થયેલી ઘાસચારાની અછતની ગંભીર સ્થિતિને પહોંચી વળવા માટે પણ સરકાર દ્વારા જરૂરી પગલાંઓ લેવામાં આવ્યા છે. ઉર્જા મંત્રીના જણાવ્યા અનુસાર, વરસાદ લંબાવવાના કારણે પૂરતું પાણી પૂરું પાડવા માટે સરકારે કૃષિ ક્ષેત્રે



આપવામા આવતી વીજળીના સમયમાં વધારો કર્યો છે. હવે ખેડૂતોને નિયમિત ૮ કલાકના બદલે દરરોજ ૧૦ કલાક વીજળી આપવામાં આવશે. આ ૨ કલાકની વધારાની વીજળી મળવાથી પાકને બચાવવામાં ખેડૂતોને મોટી રાહત મળશે. સરકાર દ્વારા પરિસ્થિતિ પર સતત નજર રાખવામાં આવી રહી છે.

રાજ્યમાં જેવા વિવિધ વિસ્તારો અને જિલ્લાઓમાંથી વીજળીની માગણી આવી રહી છે, તે મુજબ વધારાનો પુરવઠો પૂરો પાડવા ત્વરિત નિર્ણયો લેવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, વરસાદની અછતના કારણે ઊભી થનારી ઘાસચારાની સમસ્યા સામે પણ પશુપાલકોની સહાય અર્થે જરૂરી તમામ તકેદારીના પગલાંઓ લેવામાં આવ્યા છે.

### કેબિનેટનો મોટો નિર્ણય

## ૫ રાજ્યોમાં વધશે રેલવે નેટવર્ક; ૧૦,૭૮૩ કરોડના પ્રોજેક્ટને મંજૂરી

### આ હેઠળ ૬૫૬ કિલોમીટર નવી રેલ લાઈનો જોડાશે અથવા અપગ્રેડ થશે, દિલ્હી-મુંબઈ સહિતના ૭ વ્યસ્ત કોરિડોરને ૪-લેન બનાવવાની મંજૂરી મળી

નવી દિલ્હી,

કેબિનેટ બેઠકમાં રેલવેના આધુનિકીકરણ સાથે જોડાયેલા મહત્વપૂર્ણ પ્રોજેક્ટ્સ પર ચર્ચા કરવામાં આવી હતી. સરકાર દેશના ૭ સૌથી વ્યસ્ત રેલવે કોરિડોરને ચાર-લેન અને ચાર-ટ્રેકવાળા બનાવવાનું કામ કરી રહી છે. આ પ્રોજેક્ટ્સ પાછળ અંદાજે ૧૦,૭૮૩ કરોડ રૂપિયાનો ખર્ચ કરવામાં આવશે અને આનાથી લગભગ ૬૫૬ કિલોમીટર નવી રેલ લાઈનો જોડાશે અથવા અપગ્રેડ થશે. દિલ્હીથી મુંબઈ, મુંબઈથી ચેન્નઈ, ચેન્નઈથી કોલકાતા અને કોલકાતાથી દિલ્હી થઈને ફરી મુંબઈ સુધીનો રૂટ ગોલ્ડન ક્વાડ્રિલેટરલ બનાવે છે.

આ ઉપરાંત દિલ્હીથી ચેન્નઈ, મુંબઈથી કોલકાતા અને દિલ્હીથી ગુવાહાટીના રૂટનો પણ સમાવેશ થાય છે. આ તમામ ૭ વ્યસ્ત કોરિડોરને ચાર-લેન બનાવવાની મંજૂરી આપવામાં આવી છે. દેશના કુલ ૧૧,૦૦૦ કિલોમીટરના હાઈ-ડેન્સિટી કોરિડોર પૈકી ૭ કોરિડોર એવા છે જ્યાં રેલવેનું લગભગ ૪૦ ટકા ટ્રાફિક ચાલે છે. આમાંથી આશરે ૨,૦૦૦ કિલોમીટરનું કામ પહેલેથી જ પૂરું થઈ ચૂક્યું છે અને ત્યાં ચાર લાઈનો બિછાવી દેવામાં આવી છે. આશરે ૫,૦૦૦ કિલોમીટર પર કામ




ચાલી રહ્યું છે અથવા તેને મંજૂરી મળી ચૂકી છે, જ્યારે બાકીના ૪,૦૦૦ કિલોમીટર માટે અંતિમ મંજૂરીની પ્રક્રિયા ચાલી રહી છે. આ પ્રોજેક્ટ્સથી પશ્ચિમ બંગાળ, ઝારખંડ, ઓડિશા, મધ્ય પ્રદેશ અને છત્તીસગઢ એમ કુલ ૫ રાજ્યોના ૧૪ જિલ્લાઓમાં રેલવે નેટવર્કનો વ્યાપ વધશે. આનાથી આ વિસ્તારના આશરે ૪,૭૯૦ ગામોના લગભગ ૫૬ લાખ લોકોને સીધો ફાયદો થશે અને ઉત્તમ રેલ કનેક્ટિવિટી મળવાથી સ્થાનિક સ્તરે રોજગારીની નવી તકો પણ ઊભી થશે. સરકારે ખડગપુર-ઝારસુગુડા સેક્શનમાં બાગડેહી સુધી ચોથી લાઈન, કટની-પેંડ્રા રોડ ચોથી લાઈન અને બિલસપુર (ઉસલાપુર)-પેંડ્રા રોડ ત્રીજી લાઈનને મંજૂરી આપી છે. આ લાઈનોના મલ્ટી-ટ્રેકિંગથી વર્તમાન રેલ રૂટ પર ટ્રેનો માટે વધારાની ક્ષમતા તૈયાર થશે. નવી રેલ લાઈનોના જોડવાથી હાલના રૂટ પર ટ્રેનોનું ભારણ અને ટ્રાફિક જામની સમસ્યા ઘટશે. માલગાડીઓ અને મુસાફર ટ્રેનોની અવરજવર વધુ વ્યવસ્થિત બનશે, જેનાથી ટ્રેનો સમયસર દોડી શકશે અને માલસામાનની હેરફેર પણ ઝડપી બનશે. નવી રેલ લાઈનો અને મલ્ટી-ટ્રેકિંગ પ્રોજેક્ટ્સને કારણે ઓડિશાનું તારાતારિણી મંદિર અને ઝારસુગુડાનું જગન્નાથ મંદિર, મધ્ય પ્રદેશનું બાંધવગઢ ટાઈગર રિઝર્વ, વિરાટેશ્વર મહાદેવ મંદિર, અમરકંટક, જ્વાલેશ્વર ધામ, અચાનકમાર ટાઈગર રિઝર્વ, ખુટાઘાટ ડેમ તેમજ રતનપુર મહામાયા મંદિર જેવા પ્રખ્યાત પ્રવાસન અને ધાર્મિક સ્થળોની કનેક્ટિવિટી સુધરશે અને પ્રવાસનને વેગ મળશે.

## અમદાવાદમાં હાંસોલના વેપારીનો મોબાઈલ હેક કરી ખાતામાંથી રૂા.૧.૬૪ લાખનો હાથફેરો, ઝોમેટો-ક્રેડના ફેક મેસેજ મોકલી છેતરપિંડી

અમદાવાદના હાંસોલમાં ૨૭ વર્ષીય વેપારી SMS બોમ્બિંગનો ભોગ બન્યા છે. સાયબર ગઠિયાઓએ તેમનો ફોન હેક કરી HDFC બેંક ખાતામાંથી ૩ ટ્રાન્ઝેક્શન દ્વારા કુલ રૂા.૧,૬૪,૭૦૦ની ઓનલાઈન છેતરપિંડી આચરી. ઝોમેટો, સ્વિગી જેવા ફેક મેસેજનો મારો ચલાવી આ ઠગાઈ કરાઈ હતી. એરપોર્ટ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

દેશભરમાં સાયબર ક્રાઈમના બનાવો સતત વધી રહ્યા છે, ત્યારે અમદાવાદના હાંસોલમાં રહેતા એક ૨૭ વર્ષીય વેપારી સાયબર ઠગોનો ભોગ બન્યા છે. સાયબર ગઠિયાઓએ વેપારીનો મોબાઈલ ફોન હેક કરી તેમના HDFC બેંક ખાતામાંથી ત્રણ અલગ-અલગ ટ્રાન્ઝેકશન મારફતે કુલ રૂા.૧,૬૪,૭૦૦ની ઓનલાઈન છેતરપિંડી આચરી હતી.

આ ઘટના સંદર્ભે એરપોર્ટ પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ શહેરના હાંસોલના ઈન્દિરા સર્કલ પાસે આવેલી પટેલ સોસાયટીમાં રહેતા ધીરજ રામરખ્યાણી નરોડા મેમ્કો નજીક પિતાની ફ્રૂટ શોપના વ્યવસાયમાં મદદ કરે છે. ૩ સપ્ટેમ્બરના રોજ બપોરે ૨થી ૫ વાગ્યા દરમિયાન તેઓ ઘરે હતા, ત્યારે તેમના મોબાઈલ પર ઝોમેટો, સ્વિગી, ખાતાબુક, ડિસ્ટ્રિક્ટ અને ક્રેડ જેવી વિવિધ એપ્લિકેશન્સના ફેક મેસેજોનો મારો શરૂ થયો હતો.આ પ્રકારના મેસેજ આવ્યાના થોડા જ સમયમાં તેમના HDFC બેંકના ખાતામાંથી 'બલિન્દર ક્રિયાના' નામે રૂા.૪૮,૦૦૦ ડેબિટ થવાનો મેસેજ આવ્યો હતો. ત્યારબાદ તુરંત જ વધુ બે ટ્રાન્ઝેક્શન મારફતે અનુક્રમે રૂા.૫૬,૦૦૦ અને રૂા.૬૦,૭૦૦ કપાઈ ગયા હતા. આ રીતે કુલ રૂા.૧,૬૪,૭૦૦ ખાતામાંથી ઉપડી જતાં વેપારી ચોંકી ઉઠ્યા હતા.આ કોઈ ટ્રાન્ઝેક્શન ન કર્યું હોવા છતાં રકમ ડેબિટ થતાં જ ધીરજભાઈ સાયબર ફ્રોડનો ભોગ બન્યા હોવાનું માલૂમ પડ્યું હતું. તેઓ તુરંત જ તેમના મિત્ર સાથે બેંક પહોંચ્યા હતા. બેંક અધિકારીઓની સલાહ મુજબ તેમણે તાત્કાલિક સાયબર હેલ્પલાઈન નંબર ૧૯૩૦ પર સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી, ત્યારબાદ એરપોર્ટ પોલીસ સ્ટેશનમાં અજાણ્યા શખસ સામે વિધિવત ફરિયાદ દાખલ કરાઈ છે.

## અમદાવાદમાં મીઠાઈ-ફરસાણની ૪ હજાર દુકાનમાંથી ૧૬ પાસે જ ટેસ્ટિંગ કિટ, તંત્રએ સફાળા જાગીને આપી વસાવવાની સૂચના

અમદાવાદમાં મીઠાઈ-ફરસાણમાં ભેળસેળ રોકવા છસ્ઝએ વેપારીઓને 'રેપિડ ફૂડ ટેસ્ટિંગ કિટ' રાખવા સૂચના આપી છે. શહેરમાં ૩,૫૦૦થી વધુ દુકાનો સામે માત્ર ૧૬ એકમોએ ૬૮ કિટ વસાવી છે. આ કિટથી માવા, મીઠાઈમાં સ્ટાર્ચ, ભેળસેળિયા રંગો અને ઘીની શુદ્ધતા ચકાસી શકાય છે. જોકે, આ કિટ માત્ર પ્રાથમિક તપાસ માટે છે, લેબોરેટરી રિપોર્ટનો વિકલ્પ નથી.

અમદાવાદ શહેરમાં મીઠાઈ અને ફરસાણમાં થતી ભેળસેળ રોકવા માટે અમદાવાદ મ્યુનિસિપલ




કોર્પોરેશન દ્વારા તમામ વેપારીઓને 'રેપિડ ફૂડ ટેસ્ટિંગ કિટ' રાખવાની સૂચના અપાઈ છે. જો કે, તેનો અમલ હાલ અત્યંત ધીમી જોવા મળી રહી છે. શહેરમાં અંદાજે ૩,૫૦૦થી ૪,૦૦૦ જેટલી મીઠાઈ અને ફરસાણની દુકાનો આવેલી છે, જેની સામે અત્યાર સુધીમાં માત્ર ૧૬ એકમોએ જ આ કિટ વસાવી છે.

**ટેસ્ટિંગ કિટની હાલની સ્થિતિ**

આ ૧૬ એકમે કુલ ૫૩ કિટ મેળવી છે. આ ઉપરાંત, ગ્વાલિયા સ્વીટ્સે પોતાના ૧૫ આઉટલેટ્સ માટે અલગથી ૧૫ કિટ મેળવી છે. આમ, સમગ્ર શહેરમાં અત્યાર સુધીમાં કુલ ૬૮ રેપિડ ટેસ્ટિંગ કિટ ઉપલબ્ધ થઈ છે. કોર્પોરેશનના ફૂડ વિભાગ દ્વારા બાકીના તમામ વેપારીઓને પણ વહેલી તકે આ કિટ મેળવવા માટે સતત માર્ગદર્શન અને સૂચનાઓ આપવામાં આવી રહી છે.

આ કિટનો ઉપયોગ મીઠાઈ અને નમકીનની ગુણવત્તાની સ્થળ પર જ પ્રાથમિક તપાસ કરવા માટે થાય છે. તેની મદદથી માવા, મીઠાઈ કે પનીરમાં સ્ટાર્ચની હાજરી, ભેળસેળિયા રંગો, ચાંદીના વરખ અને ઘી જેવા ખાદ્ય પદાર્થોની શુદ્ધતા ચકાસી શકાય છે. જોકે, ફૂડ વિભાગે સ્પષ્ટ કર્યું છે કે આ કિટ માત્ર પ્રાથમિક તપાસ માટે છે અને તે લેબોરેટરીના આખરી રિપોર્ટનો વિકલ્પ નથી.

## તંત્રીલેખ...

# પત્રકારત્વની જવાબદારી અને જનતાનો વિશ્વાસ

આજના સમયમાં સમાચાર માત્ર માહિતી આપવાનું માધ્યમ નથી, પરંતુ સમાજને જાગૃત કરવાનું એક શક્તિશાળી સાધન છે. પત્રકારત્વની સાચી તાકાત સત્ય, નિષ્પક્ષતા અને જનહિતમાં રહેલી છે.

સમાજમાં કોઈ ઘટના બને ત્યારે લોકોની નજર સમાચાર માધ્યમો તરફ હોય છે. આવી સ્થિતિમાં સમાચાર આપનારની જવાબદારી વધી જાય છે. કોઈપણ સમાચાર પ્રસિદ્ધ કરતા પહેલાં તેની સત્યતા ચકાસવી, બંને પક્ષની વાત સાંભળવી અને અફવાઓથી દૂર રહેવું અત્યંત જરૂરી છે.

જનતાનો અવાજ ઉઠાવવો એ પત્રકારત્વનું કર્તવ્ય છે, પરંતુ કોઈની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવું એ પત્રકારત્વ નથી. સત્તા હોય કે સામાન્ય નાગરિક, દરેક માટે સમાન ન્યાય અને સમાન પ્રશ્નો પૂછવાની હિંમત જ સાચા પત્રકારની ઓળખ છે.

આજના ડિજિટલ યુગમાં સોશિયલ મીડિયા પર સમાચાર ઝડપથી ફેલાય છે. પરંતુ ઝડપ કરતાં સત્ય વધુ મહત્વનું છે. એક ખોટો સમાચાર કોઈ વ્યક્તિ, પરિવાર કે સંસ્થાને ગંભીર નુકસાન પહોંચાડી શકે છે. તેથી જવાબદાર પત્રકારત્વમાં સંવેદનશીલતા, કાયદાનું પાલન અને માનવતાનું સ્થાન હંમેશાં પ્રથમ હોવું જોઈએ.

કેપિટલ રિપોર્ટ્સ નો હેતુ પણ જનહિતના પ્રશ્નોને લોકો સમક્ષ લાવવાનો, જરૂરિયાતમંદોને ન્યાય માટે માર્ગદર્શન આપવાનો અને સમાજમાં જાગૃતિ ફેલાવવાનો છે. અમારો પ્રયાસ રહેશે કે દરેક સમાચાર સત્યની નજીક હોય, દરેક અવાજને યોગ્ય સ્થાન મળે અને દરેક રજૂઆતમાં જનહિત સર્વોપરી રહે.

અમે માનીએ છીએ કે પત્રકારત્વ કોઈ વ્યક્તિ વિરુદ્ધ નહીં, પરંતુ અન્યાય વિરુદ્ધ હોવું જોઈએ.

જનતાનો વિશ્વાસ જ અમારી સૌથી મોટી મૂડી છે. આ વિશ્વાસ જાળવવા માટે સત્ય, નિષ્પક્ષતા અને જવાબદારીના માર્ગે આગળ વધવું એ જ અમારું સંકલ્પ છે.

---

એક મહિલા સહિત અન્ય આરોપીની શોધખોળ ચાલી રહી છે

# પોંઝી સ્કીમમાં રોકાણ કરાવતી ગેંગનો પર્દાફાશ કરતી સાયબર ક્રાઇમ પોલીસ

## આ મામલે પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે એક મહિલા સહિત અન્ય આરોપીની શોધખોળ ચાલી રહી છે

આણંદ,


સાયબર ક્રાઇમ પોલીસે એક એવી ગેંગનો પર્દાફાશ કર્યો છે, જે ડમી કંપનીના નામે લોકોને લાખોના વળતરની લાલચ આપી પોંઝી સ્કીમમાં રોકાણ કરાવતી હોવાનો ખુલાસો થયો છે. પોલીસના જણાવ્યા પ્રમાણે, પેટલાદમાં ઓફિસ ચલાવીને લોકોને ઓનલાઈન રોકાણ કરાવવામાં આવતું હતું અને અત્યાર સુધીમાં અનેક વ્યક્તિઓ પાસેથી ૩૧ લાખ ૫૦ હજાર રૂપિયાનું રોકાણ કરાવવામાં આવતું હતું. આ મામલે પોલીસે એક શખ્સની ધરપકડ કરી છે, જ્યારે એક મહિલા સહિત અન્ય આરોપીની શોધખોળ ચાલી રહી છે. પોલીસની પ્રાથમિક તપાસ પ્રમાણે, પેટલાદમાં સરકારી દવાખાના પાસે આવેલા શુભમ કોમ્પ્લેક્સમાં ઓફિસ ચલાવવામાં આવતી હતી. અહીં **ESL ECO SYNERGY LTD** નામની ડમી કંપનીના એજન્ટ તરીકે ઓળખ આપી લોકોને લોભામણી જાહેરાતો મારફતે મોટું વળતર આપવાની લાલચ આપવામાં આવતી હતી. લોકોને એક લિંક મારફતે પોંઝી કંપનીની એપ્લિકેશનમાં રજિસ્ટ્રેશન કરાવવામાં આવતું અને ત્યારબાદ ઓનલાઈન ટ્રાન્ઝેકશન દ્વારા રોકાણ કરાવવામાં આવતું હતું. વિવિધ ટાસ્ક ક્લિયર કરવાના બહાને પણ લોકો પાસેથી નાણાં લેવામાં આવતા હતા અને વધુ નફાની લાલચ આપવામાં આવતી હતી. શરૂઆતમાં રોકાણકારોને વળતર આપીને વિશ્વાસ કેળવવામાં આવતો હોવાનો પોલીસનો દાવો છે. ત્યારબાદ ભવિષ્યમાં હજારો નાગરિકોને વધુ મોટી રકમનું રોકાણ કરાવવા માટે પ્રેરિત કરવાની ગેંગની કથિત યોજના હતી. આ યોજના આગળ વધે તે પહેલાં જ સાયબર ક્રાઇમ પોલીસે કાર્યવાહી કરીને પેટલાદના પ્રતીકકુમાર વિનોદભાઈ ઠાકોરની ધરપકડ કરી છે.

આ કેસમાં પોલીસ દ્વારા એકાર્લિટ નામની એક મહિલા સહિત અન્ય આરોપીની શોધખોળ હાથ ધરવામાં આવી રહી છે. સાથે જ સાયબર ક્રાઇમ પોલીસે લોકોને પોંઝી સ્કીમમાં વધુ નફાની લાલચમાં નાણાંનું રોકાણ ન કરવા અપીલ કરી છે. જો કોઈ નાગરિક આવી પોંઝી સ્કીમનો ભોગ બન્યો હોય તો આણંદ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા જણાવાયું છે.

---

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલનો સપાટો

# જમીન મહેસૂલ વિભાગમાં ભ્રષ્ટાચારને ડામવા બે ઉચ્ચ અધિકારીઓને પાણીચું



ગાંધીનગર,

ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભ્રષ્ટાચાર અને અનિયમિતતા સામે કડક કાર્યવાહી કરતા મહેસાણાના સુપ્રિટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકોર્ડ્સ (વર્ગ-૧) બી.કે. શાહ અને ભાવનગરના જમીન દફતર નિરીક્ષક કે.એ. પંડ્યાને સસ્પેન્ડ કરવાનો આદેશ કર્યો છે. જમીન સર્વે અને દફતર સંદર્ભે વ્યાપક ફરિયાદો મળ્યા બાદ મુખ્યમંત્રીએ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ સાથે પરામર્શ કરીને ગાંધીનગરથી ખાસ તપાસ ટીમો મોકલી હતી. આ સ્થળ તપાસ દરમિયાન બંને અધિકારીઓની કામગીરીમાં ગેરરીતિઓ સ્પષ્ટપણે સાબિત થતાં રાજ્ય સરકારે ત્વરિત પગલાં લીધા છે.

વહીવટી તંત્રમાં શિસ્ત જાળવવા અને નાગરિકોના પ્રશ્નોનું પારદર્શક નિરાકરણ લાવવા માટે મુખ્યમંત્રીની આ કડક કાર્યવાહીથી ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે.મુખ્યમંત્રીના આદેશ અનુસાર, મહેસાણાના સુપ્રિટેન્ડન્ટ ઓફ લેન્ડ રેકોર્ડ (વર્ગ-૧) બી.કે.શાહ પટેલ અને ભાવનગરના જમીન દફતર નિરીક્ષક કે.એ. પંડ્યાને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે. આ બંને અધિકારીઓ સામે જમીન દફતર અને સર્વેની કામગીરીમાં ગંભીર પ્રકારની ગેરરીતિઓ આચર્યાની ફરિયાદો મળી હતી, જેને વહીવટી તંત્ર દ્વારા અત્યંત ગંભીરતાથી લેવામાં આવી છે.

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલને જમીન સર્વે અને જમીન દફતર સંદર્ભે વ્યાપક ફરિયાદો મળી હતી. આ માખણમાંથી વાળ કાઢવા જેવી સ્થિતિ ન સર્જાય તે માટે મુખ્યમંત્રીએ મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવ જયંતિ રવિ સાથે ઉચ્ચ સ્તરીય પરામર્શ કર્યો હતો. આ બેઠક બાદ ગાંધીનગરથી એક વિશેષ તપાસ ટીમ સીધી મહેસાણા અને ભાવનગર રવાના કરવામાં આવી હતી. આ ટીમે સ્થળ પર જઈને દસ્તાવેજો અને કામગીરીની ઝીણવટભરી ચકાસણી કરી હતી.

ગાંધીનગરથી ગયેલી તપાસ ટીમના અહેવાલમાં મહેસાણા અને ભાવનગર બંને સ્થળોએ મોટાપાયે ગેરરીતિઓ આચરવામાં આવી હોવાનું સ્પષ્ટપણે સાબિત થયું હતું. આ રિપોર્ટના આધારે વહીવટી શિસ્ત જાળવી રાખવા માટે સરકારે તાત્કાલિક ધોરણે બંને અધિકારીઓ વિરુદ્ધ સસ્પેન્ડના આદેશો જારી કર્યા છે. સરકારના આ કડક વલણને કારણે ભ્રષ્ટ અધિકારીઓમાં ફફડાટ ફેલાઈ ગયો છે અને જમીન મહેસૂલ વિભાગમાં ખળભળાટ મચી ગયો છે.

---

# દર મહિને પ્રથમ રવિવારે શહેરમાં સફાઈ, જળસંચય અને વૃક્ષારોપણની ઝુંબેશ હાથ ધરાશે

અમદાવાદ:

અમદાવાદમાં દર મહિનાના પ્રથમ રવિવારે સઘન સફાઈ, 'કેચ ધ રેઈન' અને વૃક્ષારોપણ ઝુંબેશ હાથ ધરાશે.



રાજ્ય સરકારના પરિપત્ર બાદ મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાનીએ અધિકારીઓને જવાબદારી સોંપી છે. સૂકાયેલા રોપાના સ્થાને ૨-૩ વર્ષ જૂના મોટા રોપા અને મિયાવાકી જંગલ પણ વિકસાવાશે. તળાવોમાંથી કાંપ દૂર કરી જળસંગ્રહ વધારાશે.

અમદાવાદ શહેરમાં હવે દર મહિને પ્રથમ રવિવારે સઘન સફાઈ ઝુંબેશ, કેચ ધ રેઈન અને વૃક્ષારોપણ તથા સૂકાઈ ગયેલા રોપાઓની ફેરબદલી એમ ત્રણ મુખ્ય કામગીરી હાથ ધરવામાં આવશે. રાજ્ય સરકારના પરિપત્રના પગલે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના કમિશનર બંછાનિધિ પાની દ્વારા પણ આ ત્રણેય કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણ કરવા અધિકારીઓને જવાબદારી સોંપવામાં આવી છે.

કોર્પોરેશનના પરિપત્ર મુજબ સઘન સફાઈ ઝુંબેશ માટે ઈન્ચાર્જ ડાયરેક્ટર સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ વિજય મિસ્ત્રી, કેચ ધ રેઈન માટે સિટી ઈજનેર **(WRM)** વિજય પટેલ અને વૃક્ષારોપણ તથા સૂકાયેલા રોપાની ફેરબદલી માટે ઈન્ચાર્જ ડાયરેક્ટર દિલીપ પટેલ તથા પ્રિન્સિપલ ડાયરેક્ટર જનરલ-પાર્ક્સ એન્ડ ગાર્ડન્સ અમરીશ સી. પટેલને કામગીરી સોંપવામાં આવી છે. તેમની કામગીરીની સીધી દેખરેખ સંબંધિત ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશનર કરશે.

**સૂકાયેલા રોપાના સ્થાને મોટા રોપા વવાશે**

રાજ્ય સરકારની માર્ગદર્શિકા મુજબ અગાઉ વાવવામાં આવેલા અને સૂકાઈ ગયેલા રોપાઓની ઓળખ કરી તેમના સ્થાને ૨થી ૩ વર્ષ જૂના અને મોટા રોપા વાવવાના રહેશે, જેથી તેમના ઉછેરની શક્યતા વધે. શહેરના ખુલ્લા પ્લોટ અને રોડ સાઈડ પર દેશી પ્રજાતિના વૃક્ષો વાવવા ઉપરાંત જમીનની અછત ધરાવતા વિસ્તારોમાં મિયાવાકી જંગલ વિકસાવવાની પણ જોગવાઈ કરવામાં આવી છે.

**તળાવો, રિચાર્જ પિટ અને વરસાદી પાણીના સંચય પર ભાર**

કેચ ધ રેઈન હેઠળ ચેકડેમ અને તળાવમાંથી કાંપ કાઢી જળસંગ્રહ ક્ષમતા વધારવા, સરકારી કચેરીઓ, શાળાઓ અને આંગણવાડીઓ પાસે રિચાર્જ પિટ બનાવવા, બંધ પડેલા બોરવેલને રિચાર્જ માટે ઉપયોગમાં લેવા તેમજ તળાવોના કેચમેન્ટ વિસ્તારમાંથી દબાણ અને કચરો દૂર કરવાની કામગીરી કરવામાં આવશે.

**દર મહિને કામગીરીનો રિપોર્ટ આપવો પડશે**

દરેક પ્રથમ રવિવાર બાદના સોમવારે કામગીરીનો અહેવાલ તૈયાર કરી રજૂ કરવાનો રહેશે. તેમાં સફાઈ કરાયેલા સ્થળો, દૂર કરાયેલો કચરો, વરસાદી પાણીના સંચયની કામગીરી, વાવવામાં આવેલા રોપા, ટ્રી-ગાર્ડ તેમજ અન્ય કામગીરીની સંખ્યા દર્શાવવાની રહેશે. ઉપરાંત બીફોર અને આફ્ટર જીઓટેગ ફોટોગ્રાફ્સ અને સોશિયલ મીડિયા પર અપલોડની વિગતો પણ રિપોર્ટિંગ ફોર્મેટમાં સામેલ કરવામાં આવી છે.

---

બારકોડથી થયો પર્દાફાશ

# દર્દીઓ સાવધાન! ઈન્ટાસની 'Levera 500'ની નકલી દવા ગુજરાતમાં પહોંચી

## બ્રિજેશ પટેલ સામે FIR નોંધાઈ હોવાનું સામે આવ્યું

અમદાવાદ,

ગુજરાતમાં નકલી દવાના નેટવર્કનો પર્દાફાશ થયો છે. અમદાવાદમાં મગજની ખેંચ એટલે કે એપિલેપ્સી અને દોડાના દર્દીઓ માટે વપરાતી ઈન્ટાસ કંપનીની **'Levera 500'**ની નકલી દવા ઝડપાઈ છે. પ્રાથમિક તપાસમાં લખનૌથી ડિસ્ટ્રિબ્યુટરો મારફતે નકલી દવાનો જથ્થો ગુજરાત સુધી પહોંચાડવામાં આવ્યો હોવાનો ખુલાસો થયો છે.

આ મામલે ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તપાસ શરૂ કરી છે. તો આ અંગે બ્રિજેશ પટેલ સામે **FIR** નોંધાઈ હોવાનું સામે આવ્યું છે. બ્રિજેશ પટેલ 'કેર ફાર્મસી' નામની રિટેલ ચેઈન સ્ટોર સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળ્યું છે.

મળતી માહિતી મુજબ ઈન્ટાસ કંપનીની બજારમાં ચાલતી **'Levera 500'** દવાની કોપી કરીને ડુપ્લિકેટ દવા તૈયાર કરવામાં આવી હતી. નકલી દવામાં કંપનીના પેકિંગ અને અન્ય વિગતોની નકલ કરવામાં આવી હોવાની માહિતી સામે આવી છે. ડિસ્ટ્રિબ્યુટરના ત્યાં પહોંચેલા માલના બેચ નંબર અને બિલના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

આ સમગ્ર મામલો ત્યારે સામે આવ્યો જ્યારે ડિસ્ટ્રિબ્યુટરને મળેલા દવાના જથ્થાની ચકાસણી દરમિયાન બારકોડ સહિતની વિગતો અંગે શંકા ઊભી થઈ હતી. બારકોડ મેચ ન થતાં ઈન્ટાસ કંપનીને નકલી દવા અંગે જાણ કરવામાં આવી હતી. ત્યારબાદ કંપની દ્વારા ફરિયાદ કરવામાં આવી અને ગુજરાત ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે તપાસ હાથ ધરી હોવાનું જાણવા મળ્યું છે.

તપાસમાં નકલી દવાનો જથ્થો લખનૌથી ગુજરાત પહોંચ્યો હોવાની કડી સામે આવી છે. ડિસ્ટ્રિબ્યુટરો મારફતે ગુજરાતમાં આ દવા પહોંચાડવામાં આવી હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. હવે તપાસ એજન્સીઓ નકલી દવાના સપ્લાય પાછળ કોણ-કોણ સંકળાયેલું છે તેની તપાસ કરી રહી છે. નકલી **'Levera 500'**ના કેસમાં લખનૌમાં બ્રિજેશ પટેલ સામે **FIR** નોંધાઈ હોવાનું સામે આવ્યું છે. બ્રિજેશ પટેલ 'કેર ફાર્મસી' નામની રિટેલ ચેઈન સ્ટોર સાથે સંકળાયેલો હોવાનું જાણવા મળ્યું છે. ઊંચા ડિસ્કાઉન્ટની જાહેરાત કરીને દવાઓનું વેચાણ કરવામાં આવતું હોવાની માહિતી પણ તપાસ દરમિયાન સામે આવી છે. આ ઉપરાંત ક્યોરપેથ ઈન્ટરનેશનલ પ્રાઈવેટ લિમિટેડ સામે પણ કાર્યવાહી કરવામાં આવી રહી છે. તપાસનો વ્યાપ વધે તેમ નકલી દવાના આ નેટવર્કમાં સંકળાયેલા અન્ય લોકો અને કંપનીઓ અંગે વધુ વિગતો સામે આવવાની શક્યતા છે.

આ કેસમાં હવે વધુ ચોંકાવનારી માહિતી સામે આવી રહી છે. **'Levera 500'** ઉપરાંત બ્લડ પ્રેશરની દવાની પણ નકલી દવા બનાવવામાં આવતી હોવાનો ખુલાસો થયો છે. જેના કારણે નકલી દવાના નેટવર્કની તપાસ વધુ ગંભીર બની છે. લખનૌથી ગુજરાત ઉપરાંત દેશના અન્ય શહેરોમાં પણ નકલી દવાનો જથ્થો પહોંચાડવામાં આવ્યો હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. તેથી ગુજરાતની તપાસ હવે અન્ય રાજ્યો સાથે જોડાયેલી કડીઓ સુધી પહોંચે તેવી શક્યતા છે.

---

દંપતી સામે પોલીસમાં ફરિયાદ

# મદદ માગવા આવેલા ભત્રીજાના પુત્રે વયોવૃદ્ધ દાદાને ૨૮ લાખનો ચૂનો લગાડ્યો

## શરૂઆતમાં માત્ર રૂ.૩૦ હજાર વળતર પેટે આપ્યા બાદ આરોપીઓએ એક પણ રૂપિયો પરત આપ્યો નહોતો

ગાંધીનગર,

મુશ્કેલીના સમયે મદદ માગવા આવેલા ભત્રીજાના પુત્રે વયોવૃદ્ધ કાકાને રૂ. 28 લાખનો ચૂનો લગાડ્યો હોવાનો વિશ્વાસઘાત અને છેતરપિંડીનો ગંભીર બનાવ ગાંધીનગરના રાંદેસણમાં બન્યો છે. આ અંગે ૭૯ વર્ષીય નિવૃત્ત શિક્ષક મુકુન્દરાય મહેતાની ફરિયાદના આધારે ઈન્ફોસિટી પોલીસે આરોપી વિદેહ મહેતા અને તેની પત્ની મિનોતી પંડ્યા સામે ગુનો દાખલ કરી કાર્યવાહી હાથ ધરી છે. ફરિયાદ મુજબ બનાવની વિગતો અનુસાર, રાંદેસણના પ્રતીક મોલ પાછળ પ્રમુખ પ્રાઈડ ફ્લેટમાં રહેતા અને શિક્ષક તરીકે નિવૃત્ત મુકુન્દરાય ઈશ્વરલાલ મહેતા પોતાના દીકરા અંકુર સાથે નિવૃત્ત જીવન ગાળી રહ્યા છે. મુકુન્દરાયના મોટા ભાઈ ભૃગુભાઈ મહેતાના પુત્ર વિજયંતનો દીકરો વિદેહ મહેતાએ એપ્રિલ ૨૦૨૫માં અકસ્માતના એક કેસમાં મદદ માટે મુકુન્દરાયનો સંપર્ક કર્યો હતો. વયોવૃદ્ધ શિક્ષકે માનવતા દાખવી તેને ૩ લાખની આર્થિક મદદ કરી ધંધુકા કોર્ટના કેસમાંથી ઉગાર્યો હતો અને પોતાના ઘરે રહેવા માટે આશરો આપ્યો હતો.

ત્યારબાદ વિદેહ તેની મિત્ર અને હાલની પત્ની મીનોતી પંડ્યાને પણ ઘરે લાવવા લાગ્યો હતો. દરમિયાન, વિદેહ અને મીનોતીએ માસ ફાઈનાન્સમાં રોકાણ કરી ઊંચું વળતર અપાવવાની લાલચ આપીને નિવૃત્ત શિક્ષક મુકુન્દરાયના જીવનભરની કમાણીમાંથી તબક્કાવાર ૧૫ લાખ રોકડા લીધા હતા. શરૂઆતમાં માત્ર ૩૦ હજાર વળતર પેટે આપ્યા બાદ આરોપીઓએ એક પણ રૂપિયો પરત આપ્યો નહોતો. દરમિયાન સતત ઉઘરાણી કરવા છતાં નાણાં પરત ન મળતાં આરોપીએ દાદા મુકુન્દરાયને વિશ્વાસમાં લેવા માટે ૧૫ લાખનો **IDFC** બેંકનો ચેક પણ આપ્યો હતો. આટલું જ નહીં, આરોપીઓએ ફરિયાદીના નાણાંથી ખરીદાયેલી નેક્સોન કાર) અંગે લખાણ તથા **TTO** ફોર્મ પર સહી કરી આપી હોવા છતાં, તેમની જાણ બહાર કાર ગેરેજમાંથી બારોબાર ઉપાડી લીધી હતી. બાદમાં કાર પચાવી પાડવાના આશયથી અમદાવાદ **RTO** કચેરીમાં ખોટી અરજી આપી વાહનને બ્લેકલિસ્ટમાં પણ મુકાવી દીધું હતું. લાંબા સમયની છેતરપિંડી અને વિશ્વાસઘાત બાદ આખરે ભોગ બનનાર વયોવૃદ્ધ મુકુન્દરાયયે ઈન્ફોસિટી પોલીસ મથકે વિદેહ મહેતા અને મીનોતી પંડ્યા સામે ફરિયાદ નોંધાવી છે.

---

દિવસે થિયેટરમાં નોકરી, રાત્રે ચોરી

# ૨૩ ગુના અને ૫ વાર પાસા કાપનાર રીઢો ચોર LCBના સકંજામાં

## ઝોન ૭ એલસીબીને બાતમીના આધારે પોલીસે સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ચોરીનો ભેદ ઉકેલ્યો

અમદાવાદ

અમદાવાદ શહેરમાં ચોરીના ગુનાઓ રોકવા અમદાવાદ શહેર પોલીસના ખાસ એક્શન પ્લાન હેઠળ **LCB** ઝોન-૭ ની ટીમને એક રીઢા ચોર ને ઝડપી પાડવા માટે સફળતા મળી છે. ઝોન ૭ એલસીબી ને એક ચોક્કસ બાતમીના આધારે પોલીસે સરખેજ પોલીસ સ્ટેશન વિસ્તારમાં થયેલી ઘરફોડ ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો છે.

પોલીસે દિવ્યાંગ ઉર્ફે દિવેશ બળવંતભાઈ રાઠોડ નામના ચોરની ધરપકડ કરી છે અને તેની પાસેથી રૂ. ૯,૦૦૦ નો રોકડ મુદ્દામાલ કબ્જે કર્યો છે. આ એ જ દિવ્યાંગ ઉર્ફે દિવેશ બળવંતભાઈ રાઠોડ છે જેણે છેલ્લા ૧૦ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૧૬ થી અત્યાર સુધીમાં ચોરીના કુલ ૨૩ જેટલા ગુનાઓને અંજામ આપ્યો છે.

પોલીસે ના હાથે પકડાયેલ રીધા ચોર દિવ્યાંગ ઉર્ફે દિવેશ બળવંતભાઈ રાઠોડની ચોરી કરવા ની મોડસ ઓપરેન્ડી એકદમ ફિલ્મી સ્ટોરી જેવી જ છે. દિવ્યાંગ ઉર્ફે દિવેશ બળવંતભાઈ રાઠોડ નરોડાના મિરાજ સિનેમામાં દિવસે નોકરી કરતો હતો, જેથી કોઈને તેના પર શંકા ન જાય એ માટે થી દિવસની શિફ્ટ પૂરી કરીને રાત્રે તે પોતાનું બાઈક લઈને નીકળી પડતો. જે પણ મકાન કે દુકાન બંધ દેખાય, તેના તાળા તોડીને તે અંદરથી કિંમતી સામાન ચોરીને ફરાર થઈ જતો.

આ કામમાં તેનો એક સાગરીત હિતેન્દ્ર ઉર્ફે ટશન સિંધોલિયા તેને સાથ આપતો હતો. દિવ્યાંગ જ્યારે અંદર ચોરી કરતો હોય, ત્યારે હિતેન્દ્ર બહાર વોચ રાખતો હતો.

જોકે, હિતેન્દ્ર હાલ પોલીસ પકડથી દૂર છે જેને પણ પકડવા પોલીસે કમર કસી છે પોલીસની પૂછ પાછ માં એ પણ સામે આવ્યું છે દિવ્યાંગ ઉર્ફે દિવેશ બળવંતભાઈ રાઠોડ જે સિનેમાઘર માં નોકરી કરતો હતો ત્યાં તેને પગાર ઓછો લાગતો હોવા થી ઘર ચલાવવા માટે અને હરવા ફરવા ના મોજ શોખ પૂરા કરવા માટે થી દિવસે સિનેમાઘર માં નોકરી અને રાત્રે ચોરી કરતો હતો.

પોલીસ પૂછપરછમાં સામે આવ્યું છે કે દિવ્યાંગને મહેનતની કમાણી કરવી ગમતી નહોતી. નોકરીમાં બહુ મહેનત ન કરવી પડે તે માટે તેણે શોર્ટકટ અપનાવી ચોરીનો રસ્તો પસંદ કર્યો હતો દિવ્યાંગના માતા-પિતાનું મૃત્યુ થઈ ચૂક્યું છે, અને તેના પરિવારમાં હાલ તેની પત્ની અને એક બાળક છે. તે ચોરીના પૈસાથી જ પોતાનું ઘર ચલાવતો હતો. એટલું જ નહીં, આ ચોર મહાશય ફરવાના પણ ભારે શોખીન છે. ચોરી કર્યા બાદ ખિસ્સામાં પૈસા આવે એટલે મોજશોખ પૂરા કરવા તે માઉન્ટ આબુ જેવા હિલ સ્ટેશન પર ફરવા જતો રહેતો હતો... પૈસા પૂરા થઈ જતાં ફરી અમદાવાદ આવી જતો અને દિવસે નોકરી અને રાત્રે ચોરી કરતો.

ચોર દિવ્યાંગ ઉર્ફે દિવેશ રાઠોડ પોલીસ માટે નવો નથી. આ રીઢો ઘરફોડીયો અગાઉ ૫ વખત તો પાસા હેઠળ જેલની હવા ખાઈ ચૂક્યો છે. તેનો ગુનાહિત ઈતિહાસ બહુ લાંબો છે. અમદાવાદ શહેરના ઓઢવ, સરદારનગર, સોલા હાઈકોર્ટ, કૃષ્ણનગર, બોડકદેવ, નરોડા, બાપુનગર, ઘાટલોડીયા, ચાંદખેડા, વસ્ત્રાપુર, નિકોલ, આનંદનગર અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ સહિત ગાંધીનગર અને અરવલ્લીના મોડાસામાં તેની સામે ૨૩ થી વધુ ઘરફોડ ચોરી અને પ્રોહિબિશનના ગુનાઓ નોંધાયેલા છે.

અમદાવાદ પોલીસે હાલ તો આ રીઢા ચોરને સળિયા પાછળ ધકેલી દીધો છે અને તેના ફરાર સાગરીત હિતેન્દ્ર ઉર્ફે ટશનની શોધખોળ માટે ચક્રો ગતિમાન કર્યા છે. પરંતુ દિવસે સજ્જન દેખાતો અને સિનેમામાં કામ કરતો માણસ રાત્રે કેટલો મોટો ગુનેગાર હોઈ શકે છે, તેનું આ જાગતું ઉદાહરણ છે.

---

# ૧૨૫ વર્ષનો રેકોર્ડ તૂટ્યો: ઓગસ્ટમાં ગરમી બાદ હવે શિયાળા પર સંકટ, ખેડૂતોની ચિંતા વધી

ગાંધીનગર,

**WMO**એ ચેતવણી આપી છે કે પ્રશાંત મહાસાગરમાં સક્રિય 'અલ નીનો' વધુ મજબૂત બની ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી અસર કરશે. ભારતમાં ચોમાસા પર તેની સીધી અસરથી ઓછો વરસાદ અને શિયાળામાં પણ વરસાદ જોવા મળશે. **IMD** મુજબ, ઓગસ્ટમાં ૧૬% ઓછો વરસાદ નોંધાયો અને સપ્ટેમ્બરમાં પણ ઓછો રહેવાની શક્યતા છે. આ બદલાવ ઘઉંના ઉત્પાદન માટે ખતરો છે.



એક તરફ વિશ્વના અનેક ભાગો પૂર અને દુષ્કાળનો સામનો કરી રહ્યા છે, ત્યારે બીજી તરફ પ્રશાંત મહાસાગરમાં બની રહેલી સ્થિતિ આવનારા મહિનાઓમાં હવામાનની ચાલ સંપૂર્ણપણે બગાડી શકે છે. વિશ્વ હવામાન સંસ્થા(ડબ્લ્યુએમઓ)એ ચેતવણી આપી છે કે પ્રશાંત મહાસાગરમાં હાલમાં સક્રિય 'અલ નીનો' વધુ મજબૂત બનીને અત્યંત શક્તિશાળી રૂપ ધારણ કરી શકે છે. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે તેની અસર ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી જળવાઈ રહેવાની શક્યતા છે. આ લાંબા ગાળાના બદલાવને કારણે વિશ્વભરમાં વરસાદ, તાપમાન અને વિપરીત હવામાનની ઘટનાઓ પર ઊંડી અસર જોવા મળી શકે છે.

**ભારતમાં વરસાદ અને તાપમાન પર સીધી અસર**

ભારતમાં અલ નીનોની અસર મુખ્યત્વે ચોમાસા પર જોવા મળે છે. સામાન્ય રીતે અલ નીનોના કારણે ભારતમાં નબળો વરસાદ નોંધાય છે. ભારતીય મોસમ વિજ્ઞાન વિભાગ(**IMD**)ના જણાવ્યા અનુસાર, ઓગસ્ટ મહિનામાં દેશભરમાં સામાન્ય કરતાં ૧૬ ટકા ઓછો વરસાદ નોંધાયો હતો, જ્યારે ૧૯૦૧ પછી આ વર્ષનો ઓગસ્ટ મહિનો સૌથી ગરમ રહ્યો છે. સ્ઢએ સપ્ટેમ્બર મહિનામાં પણ દેશભરમાં સામાન્ય કરતાં ઓછો વરસાદ(**LPA**ના ૯૧ ટકાથી ઓછો) રહેવાની ધારણા વ્યક્ત કરી છે.

**શિયાળાની ઋતુ ટૂંકી થવા લાગી, ફેબ્રુઆરીમાં તાપમાન ઝડપથી વધ્યું**

ચોમાસું પૂરું થયા પછી પણ અલ નીનોની ચિંતા હળવી થાય તેમ નથી, કારણ કે તેની અસર શિયાળાના તાપમાન પર પણ પડી શકે છે. દિલ્હી સ્થિત રિસર્ચ સંસ્થા 'ક્લાઈમેટ ટ્રેન્ડ્સ'ના અભ્યાસ મુજબ, ઉત્તર ભારતમાં શિયાળાનો સમયગાળો ટૂંકો થઈ રહ્યો છે અને ગરમી વહેલી શરૂ થઈ રહી છે. આંકડા દર્શાવે છે કે ફેબ્રુઆરી મહિનો સૌથી ઝડપથી ગરમ થઈ રહ્યો છે, જેમાં દર દાયકે તાપમાન સરેરાશ ૦.૬૯ ડિગ્રી સેલ્સિયસ વધી રહ્યું છે.

માર્ચમાં ૦.૫૮ ડિગ્રી અને એપ્રિલમાં ૦.૬૬ ડિગ્રી સેલ્સિયસ પ્રતિ દાયકાના દરે તાપમાન વધી રહ્યું છે.

**ઘઉંના ઉત્પાદન માટે મોટો ખતરો**

તાપમાનમાં આવી રહેલો આ ફેરફાર રવિ પાક, ખાસ કરીને ઘઉંની ખેતી કરતા ખેડૂતો માટે ચિંતાનો વિષય છે. ફેબ્રુઆરી અને માર્ચ મહિના ઘઉંના પાકમાં દાણા બનવા અને તેના વિકાસ માટે ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. જો આ સમય દરમિયાન તાપમાન સામાન્ય કરતાં વધુ રહે, તો પાકને 'ટર્મિનલ હીટ સ્ટ્રેસ'નો સામનો કરવો પડે છે, જેનાથી ઘઉંના ઉત્પાદન પર સીધી નકારાત્મક અસર પડે છે.

**શું છે આ 'અલ નીનો'?**

અલ નીનો એ કોઈ સામાન્ય વાવાઝોડું કે હવામાન સિસ્ટમ નથી, પરંતુ પ્રશાંત મહાસાગર અને વાતાવરણ વચ્ચે થતો એક મોટો આબોહવાકીય ફેરફાર છે. જ્યારે મધ્ય અને પૂર્વ પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં વધુ ગરમ થાય છે, ત્યારે અલ નીનોની સ્થિતિ સર્જાય છે. તેનાથી વિપરીત, જ્યારે સમુદ્રનું તાપમાન ઠંડુ હોય ત્યારે તેને 'લા નીના' કહેવામાં આવે છે, જે વૈશ્વિક સ્તરે ઠંડક લાવે છે.

**વૈશ્વિક અર્થતંત્ર અને ખાદ્ય સુરક્ષા પર સંકટ**

ડબ્લ્યુએમઓના મહાસચિવ સેલેસ્ટે સાઉલોએ ચેતવણી આપી છે કે અલ નીનોની અસર વિશ્વભરના દેશો અને અર્થતંત્રો માટે મોટો આંચકો સાબિત થઈ શકે છે. ભારત જેવા કૃષિપ્રધાન દેશ માટે આ પડકાર વધુ ગંભીર છે, કારણ કે અહીં ચોમાસું, શિયાળો અને ખેતી એકબીજા સાથે ગાઢ રીતે જોડાયેલા છે. જો અલ નીનો વધારે મજબૂત બનશે તો તેની અસર માત્ર હવામાનના આંકડા સુધી સીમિત નહીં રહેતા ખેતર, પાણી, ખાદ્ય ઉત્પાદન અને સામાન્ય માણસના ખિસ્સા સુધી અનુભવાશે.

# ગણેશ ચતુર્થી - શ્રદ્ધા, સંસ્કૃતિ અને પર્યાવરણનો પવિત્ર ઉત્સવ



ભારત તહેવારોની ધરતી છે. અહીં દરેક તહેવાર માત્ર ઉજવણી પૂરતો સીમિત નથી, પરંતુ તેની પાછળ ધાર્મિક આસ્થા, સાંસ્કૃતિક પરંપરા, સામાજિક એકતા અને જીવનમૂલ્યો જોડાયેલા હોય છે. આવા અનેક પવિત્ર તહેવારોમાં ગણેશ ચતુર્થીનું વિશેષ સ્થાન છે. ભગવાન ગણેશને વિઘ્નહર્તા, બુદ્ધિ અને જ્ઞાનના દેવ તથા શુભકાર્યોના આરંભના દેવ તરીકે પૂજવામાં આવે છે. ગણેશ ચતુર્થીનો તહેવાર ભક્તિ, આનંદ, ઉત્સાહ અને સામૂહિક એકતાનું સુંદર પ્રતીક છે.

ગણેશ ચતુર્થી હિંદુ પંચાંગ મુજબ ભાદરવા મહિનાની સુદ ચોથના દિવસે ઉજવવામાં આવે છે. આ દિવસને ભગવાન ગણેશના જન્મદિવસ તરીકે માનવામાં આવે છે. દેશના વિવિધ ભાગોમાં, ખાસ કરીને મહારાષ્ટ્ર, ગુજરાત, કર્ણાટક, ગોવા, મધ્ય પ્રદેશ અને અન્ય રાજ્યોમાં આ તહેવાર ખૂબ જ ઉત્સાહથી ઉજવાય છે. આજના સમયમાં તો ગણેશોત્સવ ભારતની સીમાઓ પાર કરીને દુનિયાના અનેક દેશોમાં પણ ભારતીય સમુદાય દ્વારા ઉજવવામાં આવે છે.

### ભગવાન ગણેશનું મહત્વ

ભગવાન ગણેશને હાથીનું મસ્તક અને માનવ શરીર ધરાવતા દેવ તરીકે દર્શાવવામાં આવે છે. તેઓ ભગવાન શિવ અને માતા પાર્વતીના પુત્ર માનવામાં આવે છે. હિંદુ ધર્મમાં કોઈપણ શુભ કાર્ય શરૂ કરતાં પહેલાં ભગવાન ગણેશની પૂજા કરવાની પરંપરા છે. તેથી તેમને "પ્રથમ પૂજ્ય" કહેવામાં આવે છે.

ભગવાન ગણેશને અનેક નામોથી ઓળખવામાં આવે છે – ગણપતિ, વિઘ્નહર્તા, એકદંત, ગજાનન, લંબોદર, વિનાયક અને સિદ્ધિવિનાયક વગેરે. તેમના દરેક નામ પાછળ કોઈને કોઈ વિશેષ અર્થ રહેલો છે.

ગણેશજીનું મોટું મસ્તક બુદ્ધિ અને જ્ઞાનનું પ્રતીક છે. તેમના મોટા કાન આપણને વધુ સાંભળવાની અને ઓછું બોલવાની શીખ આપે છે. તેમની નાની આંખો એકાગ્રતા દર્શાવે છે. મોટું પેટ જીવનમાં સારા-નરસા અનુભવોને સ્વીકારીને આગળ વધવાની પ્રેરણા આપે છે. ગણેશજીનું એક દાંત આપણને સુખ-દુઃખ, લાભ-હાનિ અને જીવનની વિવિધ પરિસ્થિતિઓમાં સંતુલન જાળવવાનો સંદેશ આપે છે.

### ગણેશ ચતુર્થીની પૌરાણિક કથા

ગણેશજીના જન્મ અંગે અનેક પૌરાણિક કથાઓ પ્રચલિત છે. સૌથી જાણીતી કથા અનુસાર માતા પાર્વતીએ પોતાના શરીરના ઉબટનમાંથી એક બાળકની રચના કરી અને તેને પોતાના દ્વારની રક્ષા કરવાની જવાબદારી સોંપી.

તે સમયે ભગવાન શિવ ત્યાં આવ્યા. ગણેશજીએ તેમને અંદર જવા દીધા નહીં, કારણ કે તેમને માતા પાર્વતીની આજ્ઞા હતી. ભગવાન શિવ અને ગણેશજી વચ્ચે યુદ્ધ થયું અને અંતે ભગવાન શિવે ગણેશજીનું મસ્તક અલગ કરી દીધું.

માતા પાર્વતીને જ્યારે આ વાતની જાણ થઈ ત્યારે તેઓ ખૂબ જ ક્રોધિત થયા. તેમણે સમગ્ર સૃષ્ટિને નષ્ટ કરવાની ચેતવણી આપી. પરિસ્થિતિ શાંત કરવા ભગવાન શિવે ગણેશજીને પુનર્જીવિત કરવાનો નિર્ણય કર્યો. તેમણે પ્રથમ મળેલા જીવના મસ્તક તરીકે હાથીનું મસ્તક ગણેશજીના શરીર પર સ્થાપિત કર્યું અને તેમને જીવનદાન આપ્યું.

ત્યારબાદ ભગવાન શિવે ગણેશજીને આશીર્વાદ આપ્યો કે કોઈપણ શુભ કાર્ય પહેલાં તેમની પૂજા કરવામાં આવશે. આ રીતે ગણેશજી "પ્રથમ પૂજ્ય" બન્યા.

### ગણેશ ચતુર્થીની ઉજવણી

ગણેશ ચતુર્થીના દિવસે ભક્તો પોતાના ઘરોમાં અથવા જાહેર મંડપોમાં ગણેશજીની મૂર્તિ સ્થાપિત કરે છે. સ્થાપના પહેલાં સ્થળની સફાઈ કરવામાં આવે છે અને પૂજા માટે જરૂરી સામગ્રી તૈયાર કરવામાં આવે છે.

ગણેશજીની મૂર્તિને સુંદર રીતે શણગારવામાં આવે છે. ફૂલો, તોરણ, દીવડાં, રંગોળી અને વિવિધ પ્રકારની સજાવટથી પૂજાસ્થળને આકર્ષક બનાવવામાં આવે છે. ત્યારબાદ વિધિપૂર્વક ગણેશજીની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવે છે.

ભક્તો ગણેશજીને ફૂલ, દુર્વા, લાડુ, મોદક અને અન્ય પ્રસાદ અર્પણ કરે છે. "ગણપતિ બાપ્પા મોરિયા"ના જયઘોષથી વાતાવરણ ભક્તિમય બની જાય છે.

### મોદકનું વિશેષ મહત્વ

ગણેશજીને મોદક ખૂબ જ પ્રિય માનવામાં આવે છે. તેથી ગણેશ ચતુર્થી દરમિયાન મોદકનો પ્રસાદ ખાસ બનાવવામાં આવે છે. મોદકને જ્ઞાન અને આધ્યાત્મિક આનંદનું પ્રતીક પણ માનવામાં આવે છે.

ઘણા ઘરોમાં પરંપરાગત રીતે ચોખાના લોટ, ગોળ અને નાળિયેરથી મોદક બનાવવામાં આવે છે. આજના સમયમાં વિવિધ પ્રકારના મોદક – ચોકલેટ મોદક, ડ્રાયફ્રૂટ મોદક અને અન્ય સ્વાદના મોદક પણ બનાવવામાં આવે છે. જોકે પરંપરાગત મોદકનું ધાર્મિક અને સાંસ્કૃતિક મહત્વ આજે પણ જળવાઈ રહ્યું છે.

### જાહેર ગણેશોત્સવ અને સામાજિક એકતા

ગણેશ ચતુર્થી માત્ર વ્યક્તિગત ધાર્મિક તહેવાર નથી. જાહેર ગણેશોત્સવ લોકોમાં એકતા અને ભાઈચારાની ભાવના વધારવામાં પણ મહત્વની ભૂમિકા ભજવે છે.

મોટા શહેરો અને ગામોમાં વિવિધ વિસ્તારોમાં ગણેશજીના મંડપ બનાવવામાં આવે છે. લોકો સાથે મળીને મૂર્તિ સ્થાપિત કરે છે અને અનેક દિવસો સુધી પૂજા, આરતી, ભજન, સાંસ્કૃતિક કાર્યક્રમો તથા સામાજિક પ્રવૃત્તિઓનું આયોજન કરે છે.

જાહેર ગણેશોત્સવ સમાજના વિવિધ વર્ગોના લોકોને એકસાથે લાવે છે. બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલો સૌ સાથે મળીને ઉત્સવની ઉજવણી કરે છે. આ રીતે ગણેશોત્સવ સામાજિક એકતા અને સહકારનું ઉત્તમ ઉદાહરણ બને છે.

### લોકમાન્ય તિલક અને ગણેશોત્સવ

ભારતમાં જાહેર ગણેશોત્સવને લોકપ્રિય બનાવવામાં લોકમાન્ય બાલ ગંગાધર તિલકનું મહત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. ૧૯મી સદીના અંતમાં તેમણે ગણેશોત્સવને જાહેર સ્વરૂપ આપ્યું.

તે સમયના સામાજિક અને રાજકીય પરિપ્રેક્ષ્યમાં લોકો એકત્રિત થાય, પરસ્પર જોડાય અને રાષ્ટ્રીય ભાવના વિકસાવે તે માટે જાહેર ગણેશોત્સવ એક મહત્વનું માધ્યમ બન્યો. ત્યારથી ગણેશોત્સવ માત્ર ધાર્મિક ઉજવણી ન રહીને સામાજિક અને સાંસ્કૃતિક એકતાનું પ્રતીક પણ બન્યો.

### ગણેશ વિસર્જન

ગણેશ ચતુર્થીની જેમ જ ગણેશ વિસર્જન પણ ભાવનાત્મક અને મહત્વપૂર્ણ પરંપરા છે. ગણેશજીની સ્થાપના બાદ નિર્ધારિત દિવસો સુધી પૂજા કરવામાં આવે છે અને અંતે ભક્તો ભગવાન ગણેશની મૂર્તિને શ્રદ્ધાપૂર્વક વિસર્જન માટે લઈ જાય છે.

વિસર્જન સમયે "ગણપતિ બાપ્પા મોરિયા, પુઢચ્યા વર્ષી લવકરિયા" જેવા જયઘોષ કરવામાં આવે છે. તેનો ભાવ એવો છે કે ગણપતિ બાપ્પા ફરી આવતા વર્ષે વહેલા પધારે.

વિસર્જનની પરંપરા આપણને એક ઊંડો જીવનસંદેશ પણ આપે છે – જીવનમાં જે આવે છે તેનું એક દિવસ વિદાય થવું સ્વાભાવિક છે. સર્જન અને વિસર્જન પ્રકૃતિના શાશ્વત ચક્રનો ભાગ છે.

### પર્યાવરણ માટે જવાબદાર ગણેશોત્સવ

આધુનિક સમયમાં ગણેશોત્સવ ઉજવતી વખતે પર્યાવરણની સુરક્ષા વિશે વિચારવું અત્યંત જરૂરી બની ગયું છે. પરંપરાગત રીતે માટીની મૂર્તિઓનો ઉપયોગ થતો હતો, પરંતુ સમય જતાં પ્લાસ્ટર ઓફ પેરિસ અને કૃત્રિમ રંગોથી બનેલી મોટી મૂર્તિઓનો ઉપયોગ વધ્યો.

આવી મૂર્તિઓના વિસર્જનથી જળાશયોનું પ્રદૂષણ થઈ શકે છે અને જળચર જીવોને નુકસાન થઈ શકે છે. તેથી આજના સમયમાં પર્યાવરણમિત્ર ગણેશોત્સવની જરૂરિયાત વધી છે.

માટીમાંથી બનેલી મૂર્તિનો ઉપયોગ કરવો, કુદરતી રંગો પસંદ કરવા, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ કરવો અને કૃત્રિમ સજાવટને બદલે કુદરતી સામગ્રીનો ઉપયોગ કરવો – આ નાના પગલાંથી આપણે તહેવારને વધુ જવાબદાર બનાવી શકીએ છીએ.

ઘણા લોકો ઘરમાં જ નાના પાત્રમાં ગણેશજીનું પ્રતીકાત્મક વિસર્જન કરે છે અથવા કૃત્રિમ વિસર્જન કુંડનો ઉપયોગ કરે છે. આ રીતે ધાર્મિક પરંપરા સાથે પર્યાવરણનું પણ રક્ષણ કરી શકાય છે.

### ગણેશોત્સવ અને સ્વચ્છતા

ગણેશોત્સવ દરમિયાન મોટી સંખ્યામાં લોકો એકત્રિત થાય છે. તેથી સ્વચ્છતા જાળવવી દરેક નાગરિકની જવાબદારી છે. મંડપ, રસ્તા, જાહેર સ્થળો અને વિસર્જન સ્થળે કચરો ન ફેંકવો જોઈએ.

ફૂલ, પ્રસાદની સામગ્રી અને અન્ય કચરાનું યોગ્ય રીતે વ્યવસ્થાપન કરવું જોઈએ. પ્લાસ્ટિકની થેલીઓ અને એક વખત ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટિકને ટાળવાથી પણ પર્યાવરણને ઘણો ફાયદો થઈ શકે છે.

### બાળકો માટે ગણેશોત્સવનું મહત્વ

ગણેશોત્સવ બાળકો માટે આનંદ અને શીખવાનો સુંદર અવસર છે. બાળકો ગણેશજીની મૂર્તિ બનાવવાની પ્રવૃત્તિમાં ભાગ લઈ શકે છે, રંગોળી બનાવી શકે છે, ભજન અને આરતી શીખી શકે છે તથા ભગવાન ગણેશ સાથે જોડાયેલી પૌરાણિક કથાઓ જાણી શકે છે.

પરંતુ બાળકોને માત્ર ઉત્સવની મજા જ નહીં, પરંતુ તહેવાર પાછળના મૂલ્યો પણ સમજાવવા જોઈએ. ગણેશજી આપણને જ્ઞાન, નમ્રતા, એકાગ્રતા અને સારા કાર્યોની પ્રેરણા આપે છે.

### ગણેશ ચતુર્થીનો આધ્યાત્મિક સંદેશ

ગણેશ ચતુર્થીનો સૌથી મોટો સંદેશ એ છે કે જીવનમાં આવતી મુશ્કેલીઓથી ડરવું નહીં. ભગવાન ગણેશને વિઘ્નહર્તા તરીકે માનવામાં આવે છે, એટલે કે તેઓ જીવનના વિઘ્નો દૂર કરવાની પ્રેરણા આપે છે. પરંતુ માત્ર ભગવાન પાસે પ્રાર્થના કરવાથી જ દરેક સમસ્યા દૂર થઈ જાય એવું માનવાને બદલે આપણે પોતાના પ્રયત્નો પણ કરવા જોઈએ. ગણેશજીનું સ્વરૂપ આપણને બુદ્ધિપૂર્વક વિચારવા, યોગ્ય નિર્ણય લેવા અને ધીરજથી મુશ્કેલીઓનો સામનો કરવાની પ્રેરણા આપે છે.

### આજના સમયમાં ગણેશોત્સવ

આજના ડિજિટલ યુગમાં ગણેશોત્સવની ઉજવણીની રીતોમાં ઘણો બદલાવ આવ્યો છે. લોકો સોશિયલ મીડિયા દ્વારા ગણેશજીની તસવીરો અને શુભેચ્છાઓ શેર કરે છે. ઘણી જગ્યાએ સાંસ્કૃતિક કાર્યક્રમો અને ધાર્મિક કાર્યક્રમોનું ઓનલાઈન પ્રસારણ પણ કરવામાં આવે છે.

પરંતુ આધુનિકતા સાથે પરંપરાનું સંતુલન જાળવવું જરૂરી છે. તહેવારનો મૂળ હેતુ ભક્તિ, આનંદ, એકતા અને સારા મૂલ્યોને જીવનમાં ઉતારવાનો છે. માત્ર દેખાડા, ખર્ચ અથવા સ્પર્ધા સુધી તહેવારને સીમિત ન કરવો જોઈએ.

### ગણેશોત્સવ આપણને શું શીખવે છે?

ગણેશ ચતુર્થી આપણને અનેક મહત્વપૂર્ણ જીવનમૂલ્યો શીખવે છે:

બુદ્ધિ અને જ્ઞાનઃ કોઈપણ સમસ્યાનો ઉકેલ સમજદારીથી શોધવો.

નમ્રતાઃ સફળતા મળ્યા પછી પણ અહંકાર ન કરવો.

એકાગ્રતાઃ પોતાના લક્ષ્ય પર ધ્યાન કેન્દ્રિત કરવું.

ધીરજઃ મુશ્કેલ પરિસ્થિતિમાં હિંમત ન હારવી.

એકતાઃ સમાજના લોકો સાથે મળીને કામ કરવું.

સ્વચ્છતાઃ પોતાના ઘર અને આસપાસનું વાતાવરણ સ્વચ્છ રાખવું.

પર્યાવરણપ્રેમઃ તહેવારની ઉજવણી સાથે કુદરતનું પણ રક્ષણ કરવું.

સેવાઃ જરૂરિયાતમંદ લોકોની મદદ કરવી અને સમાજ માટે સારા કાર્યો કરવાં.

ગણેશ ચતુર્થી માત્ર ભગવાન ગણેશની પૂજા કરવાનો તહેવાર નથી. તે ભારતીય સંસ્કૃતિ, ભક્તિ, સામાજિક એકતા, આનંદ અને માનવ મૂલ્યોનો ઉત્સવ છે. ગણેશજીનું સ્વરૂપ આપણને જીવનમાં જ્ઞાન, સમજદારી, નમ્રતા અને ધીરજનું મહત્વ સમજાવે છે.

આપણે ગણેશ ચતુર્થી એવી રીતે ઉજવવી જોઈએ કે તેમાં ભક્તિની સાથે સમાજ અને પર્યાવરણ પ્રત્યેની જવાબદારી પણ જળવાઈ રહે. માટીની મૂર્તિ, કુદરતી સજાવટ, સ્વચ્છતા, ઓછો અવાજ અને પર્યાવરણમિત્ર વિસર્જન જેવા ઉપાયો અપનાવીને આપણે ઉત્સવને વધુ સુંદર બનાવી શકીએ છીએ.

ગણેશજી આપણને સદબુદ્ધિ આપે, આપણા જીવનનાં વિઘ્નો દૂર કરે અને સમાજમાં સુખ, શાંતિ, પ્રેમ તથા એકતાનો પ્રકાશ ફેલાવે – એવી પ્રાર્થના સાથે સૌને ગણેશ ચતુર્થીની હાર્દિક શુભેચ્છાઓ.

ગણપતિ બાપ્પા મોરિયા! મંગળમૂર્તિ મોરિયા!



# બરફ દ્વારા કેવી રીતે ઇલેક્ટ્રિસિટી જનરેટ કરી શકાશે ? જાણો આ વિશે...

ચીન અને સ્પેનના વિજ્ઞાનીઓ દ્વારા એક ખૂબ જ અદ્ભુત શોધ કરવામાં આવી છે. તેમણે હવે બરફને મીઠું સાથે મિક્સ કરીને એમાંથી ઈલેક્ટ્રિસિટી ઉત્પન્ન કરવાની શોધ કરી છે. પૃથ્વીના સૌથી ઠંડા વિસ્તારમાં વિજળી ઉત્પન્ન કરવા માટે આ નવો રસ્તો છે. આ રીતે વિજળી ઉત્પન્ન કરવાથી ક્લીન એનર્જી મળી શકે છે અને એને કારણે ઘણી સમસ્યાનો ઉકેલ આવી શકે છે.

### કેવી રીતે કામ કરે છે?

વિજ્ઞાનીઓએ શોધી કાઢ્યું છે કે મીઠામાં બોળેલા બરફને જ્યારે વાળવામાં આવે ત્યારે એમાંથી ઈલેક્ટ્રોનિક સિગ્નલ નીકળે છે. ઈલેક્ટ્રોનિક્સમાં મોટાભાગના સિરામિક મટિરિયલ્સનો ઉપયોગ કરવામાં આવે છે એની જેમ જ આ બરફ પણ જોવા મળશે. સરળ ભાષામાં કહેવામાં આવે તો બરફને ચોક્કસ રીતે ઉપયોગ કરવામાં આવે તો એ નેચરલ પાવર જનરેટર તરીકે ઉપયોગ કરશે.

### બરફને એક એનર્જી ડિવાઇસ કેવી રીતે બનાવવી?

રિસર્ચ ટીમ દ્વારા એક નાની ડિવાઈસ બનાવવામાં આવી છે જેમાં એક સ્પેશ્યલ બરફનો ઉપયોગ કરવામાં આવે છે. આ ડિવાઈસનો ઉપયોગ કરવાથી ઠંડા વિસ્તારમાં ખૂબ જ ઓછા ખર્ચે વિજળી ઉત્પન્ન કરી શકાશે. આ રિસર્ચ ટીમ દ્વારા એ વાત પર પણ



ધ્યાન દોરવામાં આવ્યું છે કે પૃથ્વીની દસ ટકા સપાટી પર બરફ છે. આજ સુધી બરફનો ઉપયોગ ક્યારેય પણ વિજળી ઉત્પન્ન કરવા માટે કરવામાં આવ્યો નથી. જોકે આ શોધ પરથી ભવિષ્યમાં એનો ઉપયોગ ખૂબ જ સારી રીતે કરી શકાશે.

### આ પાછળ શું વિજ્ઞાન છે?

અગાઉ આ જ રિસર્ચ ટીમ અને તેમની સાથે ન્યુ યોર્કની સ્ટોની બ્રૂક યુનિવર્સિટીના વિજ્ઞાનીઓ દ્વારા સાથે મળીને આ પાછળનું વિજ્ઞાન ડિટેઈલમાં જણાવવામાં આવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે ફ્લેક્સોઈલેક્ટ્રિસિટી પ્રોસેસ દ્વારા બરફમાંથી વિજળી ઉત્પન્ન કરી શકાય છે. ફ્લેક્સોઈલેક્ટ્રિસિટી એક પ્રોસેસ છે જેમાં મટિરિયલ એટલે કે બરફને ગમે તેમ વાળવામાં આવે છે અને એનાથી એક ઈલેક્ટ્રિકલ ચાર્જ ઉત્પન્ન થાય છે. આથી મીઠા વાળા બરફને બેન્ડ કરવામાં આવે તો એમાંથી વિજળી ઉત્પન્ન કરી શકાય એ પ્રકારની ઈલેક્ટ્રિસિટી મેળવી શકાય છે.

### આ શોધ કેમ મહત્ત્વની છે?

બરફ એક કુદરતી વસ્તુ છે અને એનો ઉપયોગ કરવાથી આ એક રિન્યુએબલ સોર્સ તરીકે કામ કરી શકે છે. ઠંડા વિસ્તારમાં રહેતાં લોકો તેમની પોતાની જરૂરિયાત માટે પણ વિજળી મેળવી શકે છે. સોલર પાવરની જેમ ઠંડા વિસ્તારમાં રહેતા લોકો આઈસ એનર્જી તરીકે એનો ઉપયોગ કરી શકે છે. આ શોધ પરથી એ જાણી શકાયું છે કે ચોક્કસ રીતે વિજ્ઞાનનો ઉપયોગ કરવામાં આવે તો રોજિંદા જીવનમાં જોવા મળતો બરફ પણ વિજળી ઉત્પન્ન કરી શકે છે. સરળ ભાષામાં કહેવામાં આવે તો મીઠા વાળા બરફને ગમે તેમ વાળવાથી ઈલેક્ટ્રિસિટી બની જશે. આથી પૃથ્વીના ખૂબ જ બરફવાળા વિસ્તાર પણ હવે બારેમાસ વિજળીનો ઉપયોગ કરી શકે છે.

# ડાયાબિટીઝના દર્દીઓ માટે અમૃત સમાન છે આ ૪ વસ્તુઓ

ડાયાબિટીસનો રોગ આજે ભારતભરમાં સૌથી ઝડપથી ફેલાઈ રહ્યો છે. આ રોગને સંપૂર્ણપણે મટાડવો કઠિન છે, પરંતુ તેને નિયંત્રિતમાં રાખવો આપણા હાથની વાત છે. આયુર્વેદમાં જણાવ્યા પ્રમાણે આહાર એ જ દવા છે. આયુર્વેદિક આહાર માત્ર બ્લડ સુગરને નિયંત્રિત કરતું નથી, પરંતુ શરીરની ઉર્જા, પાચન અને રોગપ્રતિકારક શકિતને પણ મજબૂત બનાવે છે.

### કારેલાનો રસ અથવા શાકભાજીનું નિયમિત સેવન અત્યંત લાભકારી

ડાયાબિટીસના દર્દીઓ માટે કેટલાક આયુર્વેદિક આહાર રામબાણ ઈલાજ માનવામાં આવે છે. જેમાં સૌથી પહેલા કારેલાને કુદરતી ઈન્સ્યુલિન માનવામાં આવે છે. તેમાં રહેલું ચારેન્ટિનનું પ્રમાણ બ્લડ સુગરનું સ્તર જાળવવામાં મદદ કરે છે. કારેલાનો રસ અથવા શાકભાજીનું નિયમિત સેવન અત્યંત લાભકારી હોય છે.

### પાણીમાં પલાળેલા મેથીના દાણાનું સવારે સેવન કરવું ઉત્તમ

આ ઉપરાંત મેથીના દાણા સુગરને નિયંત્રિત કરવામાં પણ મદદરૂપ થાય છે કારણ કે તેમાં ફાઈબર અને એમિનો એસિડ હોય છે, જે બ્લડ સુગર ઘટાડવામાં મદદ કરે છે. આખી રાત પાણીમાં પલાળેલા મેથીના દાણાનું સવારે સેવન કરવાથી ઉત્તમ પરિણામો મળે છે. તેવી જ જાંબુ અને તેના બીજ કુદરતી એન્ટીડાયાબિટીક તરીકે કામ કરે છે, બ્લડ સુગરને નિયંત્રિત કરે છે અને વારંવાર તરત લાગવી અને થોડી થોડીવારે પેશાબ કરવા જવાની સમસ્યાને ઘટાડે છે.

### ગરમ પાણી અથવા ચા સાથે તજ ભેળવીને પીવાથી ફાયદો



આમળામાં વિટામિન સી અને એન્ટીઑકિસડન્ટ ભરપૂર માત્રામાં હોય છે, જે સ્વાદુપિંડના કોષોને પુનર્જીવિત કરે છે અને ઈન્સ્યુલિન સ્ત્રાવને સંતુલિત કરે છે. આ સાથે તજ પણ ખૂબ જ ફાયદાકારક છે, કારણ કે તે બ્લડ સુગર ઘટાડે છે અને ઈન્સ્યુલિન સંવેદનશીલતા વધારે છે. ગરમ પાણી અથવા ચા સાથે તજ ભેળવીને પીવાથી વધુ સારા પરિણામો મળે છે.

### તુલસીના પાન ઇન્સ્યુલિન કાર્યમાં સુધારો કરે છે

લીમડાના પાંદડા લોહીને શુદ્ધ કરવામાં અને સુગરને નિયંત્રિત કરવામાં મદદ કરે છે. તે રોગપ્રતિકારક શક્તિ વધારે છે અને ચેપ સામે રક્ષણ આપે છે. અળસી જે ઓમેગા-૩ ફેટી એસિડ અને ફાઈબરથી ભરપૂર હોય છે. બ્લડ સુગર સ્પાઈક્સને અટકાવે છે અને હૃદયને સ્વસ્થ રાખે છે. તુલસીના પાન ઈન્સ્યુલિન કાર્યમાં સુધારો કરે છે અને તણાવ અને થાક ઘટાડે છે. જવ પણ ફાયદાકારક છે, કારણ કે તે શરીરમાંથી ઝેરી તત્વોને બહાર કાઢીને સ્થિર બ્લડ સુગર લેવલ જાળવવામાં મદદ કરે છે.

### તેલવાળા, મીઠાં અને ફાસ્ટ ફૂડ લેવાનું ટાળવું

આ સાથે ડાયાબિટીસના દર્દીઓએ હળવું, સરળતાથી સુપાચ્ય અને સમયસર ભોજન લેવું જરુરી છે. તેલવાળા, મીઠાં અને ફાસ્ટ ફૂડ લેવાનું ટાળવું જરૂરી છે. દિવસભર થોડાં થોડા સમયે ભોજન લેવું, યોગ અને પ્રાણાયામને તમારી દિનચર્યામાં સામેલ કરવા, પૂરતી ઊંઘ લેવી અને તણાવમુક્ત રહેવું એ બધું યોગ્ય આહાર જેટલું જ મહત્ત્વપૂર્ણ છે.

# બાવળા પાસે માર્બલની આડમાં ચાલતું દારૂનું મોટું નેટવર્ક પકડાયું : રૂા.૧૩.૩૧ લાખનો વિદેશી દારૂ જપ્ત, ૩ની ધરપકડ




અમદાવાદ ગ્રામ્ય LCB ટીમે બાવળાના રજોડા ગામની સીમમાં હનુમાનજી માર્બલ એન્ડ આર્ટ ઓફિસના કંપાઉન્ડમાં દરોડો પાડ્યો હતો. માર્બલની આડમાં સંતાડેલો રૂા.૧૩.૩૧ લાખનો વિદેશી દારૂ અને બિયરનો જથ્થો ઝડપાયો. પોલીસે રૂા.૧૦ લાખનો ટ્રક, સ્કૂટર અને ૩ મોબાઈલ સહિત કુલ રૂા.૨૪.૪૬ લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ચિંતનસિંહ, રમેશચંદ્ર અને કિશન ગુર્જર નામના ૩ આરોપીઓની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. અમદાવાદ ગ્રામ્ય લોકલ ક્રાઈમ બ્રાન્ચ (LCB)ની ટીમે બાવળા પોલીસ સ્ટેશન વિસ્તારના રજોડા ગામની સીમમાં દરોડો પાડીને વિદેશી દારૂના મોટા કારોબારનો પર્દાફાશ કર્યો છે. પોલીસને ચકમો આપવા માટે બુટલેગરોએ અપનાવેલી અનોખી મોડસ ઓપરેન્ડીએ સૌ કોઈને ચોંકાવી દીધા છે. માર્બલની આડમાં મદીરાની હેરાફેરી, ભગવાનના નામે ચાલતું દારુનું મોટું નેટવર્ક પકડાયું

**માર્બલની આડમાં ચાલતો દારૂનો ધંધો**

આરોપીઓ સામાન્ય રીતે કોઈને શંકા ન જાય તે રીતે અમદાવાદ-રાજકોટ હાઈવે પર આવેલી 'હનુમાનજી માર્બલ એન્ડ આર્ટ' નામની માર્બલની ઓફિસના ખુલ્લા કંપાઉન્ડમાં માર્બલના મોટા બોક્સ અને સામગ્રીની આડમાં વિદેશી દારૂનો વિશાળ જથ્થો છુપાવીને હેરાફેરી કરી રહ્યા હતા. LCB PIની ટીમે હાથ ધરેલા સઘન પેટ્રોલિંગ દરમિયાન મળેલી ચોક્કસ બાતમીના આધારે પોલીસે આ સ્થળે સરપ્રાઈઝ રેડ કરીને બૂટલેગરોની ચાલબાજી પર પાણી ફેરવી દીધું હતું. લાખો રૂપિયાનો મુદ્દામાલ જપ્ત :- દરોડા દરમિયાન પોલીસે ઘટનાસ્થળેથી ભારતીય બનાવટની વિદેશી દારૂ તથા બિયરની કુલ ૨૫૯ પેટીઓ (૫,૪૯૬ બોટલ/ટીન) જપ્ત કરી હતી, જેની કિંમત રૂા.૧૩,૩૧,૪૦૦ થાય છે. આ સાથે દારૂની હેરાફેરીમાં વપરાયેલું રૂા.૧૦ લાખની કિંમતનું આઈશર ટ્રક, રૂા.૫૦,૦૦૦નું સ્કૂટર અને રૂા.૬૫,૦૦૦ની કિંમતના ૩ મોબાઈલ ફોન મળીને કુલ રૂા.૨૪,૪૬,૪૦૦નો મુદ્દામાલ કબજે કરવામાં આવ્યો છે.

**ત્રણ આરોપીઓની ધરપકડ**

આ મામલે પોલીસે ચિંતનસિંહ ઉર્ફે ચિન્ટુ દીલીપસિંહ રાઠોડ (મૂળ વડનગર, હાલ બાવળા), રમેશચંદ્ર ઉર્ફે રમેશ નકુડા લખુમ્બરા (મૂળ ઉદેપુર, હાલ રજોડા) અને કીશન રામેન્દ્ર ગુર્જર (રહે. ઉદેપુર, રાજસ્થાન) નામના ત્રણ આરોપીઓની સ્થળ પરથી જ અટકાયત કરી છે અને ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

મંત્રી ઋષિકેશ પટેલની જાહેરાત

# હવે જમીન દફતર અને લેન્ડ રેકોર્ડની તમામ સેવાઓ એક જ સ્થળેથી મળશે

## ધારાસભ્ય કિરીટ પટેલે વિધાનસભા ગૃહમાં લેન્ડ રેકોર્ડની કચેરીની કામગીરી અને તેની કાર્યપદ્ધતિ અંગે પ્રશ્ન ઉઠાવ્યો

ગાંધીનગર,

ગુજરાત વિધાનસભાના ચાલુ સત્ર દરમિયાન આજે લેન્ડ રેકોર્ડ અને જમીન દફતરની કામગીરીને લઈને એક અત્યંત મહત્વપૂર્ણ જાહેરાત કરવામાં આવી છે. રાજ્ય સરકાર જમીન સંબંધિત વહીવટી પ્રક્રિયાઓને વધુ સરળ, પારદર્શક અને નાગરિકલક્ષી બનાવવા માટે મોટા પાયે માળખાગત ફેરફારો કરવા જઈ રહી છે. ઊંઝા વિધાનસભા બેઠકના ધારાસભ્ય કિરીટ પટેલે વિધાનસભા ગૃહમાં લેન્ડ રેકોર્ડની કચેરીની કામગીરી અને તેની કાર્યપદ્ધતિ અંગે પ્રશ્ન ઉઠાવ્યો હતો. જેમાં ધારાસભ્યના આ પ્રશ્નનો પ્રત્યુત્તર આપતા મહેસૂલ મંત્રી ઋષિકેશ પટેલે ગૃહમાં લેન્ડ રેકોર્ડ વિભાગમાં આવી રહેલા ક્રાંતિકારી ફેરફારો વિશે વિગતવાર માહિતી આપી હતી.



મહેસૂલ મંત્રીએ ગૃહમાં જાહેરાત કરી હતી કે, રાજ્ય સરકાર દ્વારા હવે લેન્ડ રેકોર્ડની તમામ કામગીરી એક જ જગ્યાએથી કરવાની વ્યવસ્થા ગોઠવવામાં આવશે. અત્યાર સુધી નાગરિકોને જમીન દફતર અને રેકોર્ડના વિવિધ કામો માટે અલગ-અલગ કચેરીઓના ધક્કા ખાવા પડતા હતા, પરંતુ હવે નવી વ્યવસ્થા હેઠળ તમામ સેવાઓ એક જ સ્થળે ઉપલબ્ધ કરાવવામાં આવશે. આનાથી જનતાના સમય અને શક્તિની બચત થશે. સરકારે આધુનિકીકરણના ભાગરૂપે પ્રોપર્ટી કાર્ડનું પણ એકત્રીકરણ કરવાનો નિર્ણય લીધો છે. આ ઉપરાંત, જમીન વિવાદોને લગતા કોર્ટ કેસો અને વિવિધ સરકારી હુકમોની કામગીરીનું પણ એકત્રીકરણ કરવામાં આવશે. આ એકત્રીકરણથી વહીવટી પ્રક્રિયામાં એકસૂત્રતા આવશે અને ડેટા મેનેજમેન્ટ વધુ સક્ષમ બનશે, જેનાથી પેન્ડિંગ પ્રશ્નોનો ઝડપી નિકાલ શક્ય બનશે. હવે ખેડૂતો માટે સૌથી મહત્વની જાહેરાત કરતા મંત્રીએ જણાવ્યું હતું કે, જમીનની માપણીની કામગીરી હવે તાલુકા કક્ષાએથી જ કરવામાં આવશે. અગાઉ માપણી માટેની પ્રક્રિયાઓમાં જે વિલંબ થતો હતો, તે હવે સ્થાનિક સ્તરે કામગીરી થવાથી દૂર થશે. આ સુધારાઓથી જમીન દફતરની કામગીરીમાં પારદર્શિતા આવશે અને ભ્રષ્ટાચાર પર અંકુશ મેળવવામાં મદદ મળશે. સરકારના આ પ્રજાલક્ષી નિર્ણયથી રાજ્યના ખેડૂતો અને મિલકત ધારકોમાં રાહતની લાગણી જોવા મળી રહી છે.

# હાલોલ પોલીસની બેદરકારીથી એક વ્યક્તિએ જીવનના અઢાર વર્ષ ગુમાવ્યા

હાલોલ પોલીસ સ્ટેશન દ્વારા ૨૦૦૮ માં એક ૨૦ વર્ષના આરોપી વિરુદ્ધ એક રિપોર્ટ બનાવવા માં આવ્યો હતો કે તે આરોપી પોલીસ જાપ્તા માંથી ભાગી ગયો છે અને તે રિપોર્ટ કોર્ટમાં રજુ કરવામાં આવ્યા હતા. પરંતુ સાચી હકીકત એવી હતી કે તે આરોપી તો પહેલાથીજ અમદાવાદ અને મહારાષ્ટ્ર ની સેન્ટ્રલ જેલમાં હતા તો હાલોલ પોલીસ દ્વારા આ બાબતને સંપૂર્ણ પણે ચકાસણી કર્યા વગરજ કેમ ખોટો રિપોર્ટ બનાવવામાં આવ્યો. અને વાત રઈ તે આરોપીની તો તે છેલ્લા અઢાર વર્ષ અને સાત મહિના સેન્ટ્રલ જેલ માં રહ્યો અને એજ સાબિત કરતો રહ્યો કે હું ભાગેડું નથી હું તો ૨૦૦૮ નો જેલ માં છું અને આ સાબિત કરતા કરતાં તેને પૂરા અઢાર વર્ષ અને સાત મહિનાનો સમય લાગ્યો અને તે અઢાર વર્ષે જેલ માંથી મુક્ત થયો.

# ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં નિર્માણાધીન કોમર્શિયલ સાઈટ પર લોખંડનો સ્લેબ તૂટ્યો, ૧૦-૧૫ મજૂરો દટાયા હોવાની આશંકા

ગાંધીનગરના કુડાસણ વિસ્તારમાં 'બોસકી ધ એમ્પાયર' કોમર્શિયલ સાઈટ પર આજે રાત્રે ૯:૧૫ વાગ્યે લોખંડનો સ્લેબ તૂટી પડતા દુર્ઘટના સર્જાઈ હતી. આ ઘટનામાં ૧૦ જેટલા મજૂરો દટાયા હોવાની આશંકા છે. ફાયર બ્રિગેડની ૫ ગાડીઓ અને ૧૦૮ એમ્બ્યુલન્સ ટીમ સ્થળ પર પહોંચી બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલી રહી છે. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ ખસેડવાની તજવીજ હાથ ધરાઈ છે. ગાંધીનગર શહેરના વ્યસ્ત કુડાસણ વિસ્તારમાં નવી બની રહેલી 'બોસકી ધ એમ્પાયર' નામની કોમર્શિયલ બાંધકામ સાઈટ પર બુધવારે રાત્રે સવા નવ વાગ્યાની આસપાસ એક ગંભીર દુર્ઘટના સર્જાઈ હતી. અહીં બે યુનિટ વચ્ચે ઊભો કરવામાં આવી રહેલો લોખંડનો સ્લેબ અચાનક ધડાકાભેર નીચે તૂટી પડતાં આસપાસના વિસ્તારમાં ભારે હડકંપ મચી ગયો હતો. ૧૦થી ૧૫ જેટલા શ્રમિકો દટાયા હોવાની આશંકા સેવાઈ રહી છે. તેમજ ૧૩ શ્રમિકો જેટલા ઘાયલ શ્રમિકોને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા છે. સિવિલ ડૉક્ટરના



જણાવ્યા મુજબ રાહતની વાતએ છે કે ૧૧ શ્રમિકોને નાની ઈજાઓ છે, ૨ને ગંભીર ઈજાઓ છે તેમની સારવાર ચાલી રહી છે. બિલ્ડિંગમાં ચોથા માળે સેન્ટિંગનું કામ ચાલી રહ્યું હતું તે સમયે તેનું સ્ટ્રક્ચર તૂટી પડ્યું, ઘાયલ શ્રમિકોના દાવા મુજબ બિલ્ડિંગ નિર્માણમાં પ્રવીણ મેડા, શાહીલ અને યશ ચૌધરી નામના ત્રણ કોન્ટ્રાકટરો છે. જે ઘટના બની તે સમયે હાજર ન હતા તેવા આરોપ થઈ રહ્યા છે. ઘટનાની જાણ થતાં જ સ્થાનિક લોકો મોટી સંખ્યામાં એકત્ર થઈ ગયા હતા અને રાહત તથા બચાવ કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ ઘટનામાં સ્લેબ નીચે કામ કરી રહેલા ૧૦થી વધારે કેટલાક મજૂરો દટાયા હોવાનું અનુમાન લગાવવામાં આવ્યું છે. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, દુર્ઘટના સમયે આ સાઈટ પર આશરે ૧૦ જેટલા મજૂરો કામ કરી રહ્યા હતા. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખીને ગાંધીનગર ફાયર બ્રિગેડને તાત્કાલિક જાણ કરવામાં આવતા ફાયર વિભાગની ૫ થી વધુ ગાડીઓ અને રેસ્ક્યુ ટીમ ઘટનાસ્થળે દોડી આવી હતી. ફાયર જવાનો દ્વારા કાટમાળ હટાવીને નીચે દટાયેલા મજૂરોને બહાર કાઢવાની યુદ્ધના ધોરણે કામગીરી ચાલી રહી છે.

**અમદાવાદના ખાનપુર વિસ્તારમાંથી**

# પત્નીએ ફિલ્મી ઢબે પતિના અનૈતિક સંબંધોનો કર્યો પર્દાફાશ, બાઈકમાં GPS લગાવી હોટેલમાંથી પકડ્યો

અમદાવાદના ખાનપુરમાં ૪૦ વર્ષીય પરિણીતાએ પતિના અનૈતિક સંબંધોનો પર્દાફાશ કરવા બાઈકમાં GPS ટ્રેકર લગાવ્યું. એરપોર્ટ રોડ પરની હોટેલ બહાર પતિ અન્ય મહિલા સાથે પકડાઈ ગયો. પતિએ પત્નીને ધક્કો મારી મહિલાને ભગાડી દીધી. આથી, પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.




અમદાવાદ શહેરના ખાનપુર વિસ્તારમાં રહેતી ૪૦ વર્ષીય પરિણીતાએ પતિના બહાર ચાલતા અનૈતિક સંબંધોની હકીકત મેળવવા માટે પતિની મોટરસાઈકલમાં જીપીએસ (GPS) ટ્રેકર લગાવી સમગ્ર કરતૂતનો પર્દાફાશ કર્યો છે. એરપોર્ટ રોડ પર આવેલી હોટેલ બહાર પતિ અન્ય મહિલા સાથે ઝડપાઈ જતાં તેણે પત્નીને ધક્કો મારી રસ્તા પર પાડી દીધી હતી અને મહિલાને રિક્ષામાં ભગાડી દીધી હતી. આ મામલે મહિલાએ પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે પતિ સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ખાનપુરમાં રહેતી ૪૦ વર્ષની મહિલા વર્ષ ૨૦૧૨માં લગ્ન થયા બાદથી જ પતિ સોહેલ પઠાણ દ્વારા દહેજ બાબતે શારીરિક અને માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. ખાનપુરમાં ફ્લેટ ખરીદવા માટે પરિણીતાના પિતાએ રૂ. ૨.૭૦ લાખ રોકડા અને ૭.૫ તોલા સોનું આપ્યું હતું. દરમિયાન પતિના અન્ય મહિલાઓ સાથે સંબંધ હોવાની સતત શંકા જતાં પરિણીતાએ પતિની બાઈકમાં ગુપ્ત રીતે જીપીએસ ટ્રેકર ફિટ કરી દીધું હતું. ગત ૩૧ મેના રોજ પતિએ પોતાની દુકાનના સીસીટીવી અને મોબાઈલ બંધ રાખ્યા હતા.

બપોરે મોબાઈલ શરૂ થતાં જ ટ્રેકરમાં તેનું લોકેશન એરપોર્ટ રોડ સ્થિત હોટેલ ખાતે મળ્યું હતું. પરિણીતા તુરંત ત્રણેય બાળકો સાથે ત્યાં પહોંચી ગઈ હતી અને પતિને અજાણી મહિલા સાથે બાઈક પર રંગેહાથ પકડી પાડ્યો હતો. પરિણીતાએ હોટેલ બહાર પતિને રોકી મહિલા બાબતે પૂછતાં પતિએ પ્રથમ 'આ મારી બીજી પત્ની છે' તેમ કહ્યું હતું અને ત્યારબાદ 'હું તેની સાથે ટૂંક સમયમાં લગ્ન કરવાનો છું' તેવું રટણ શરૂ કર્યું હતું.

પરિણીતાએ તેનો વિરોધ કરતાં પતિએ તેને ધક્કો મારી નીચે પાડી દીધી હતી અને ભારે ટ્રાફિક વચ્ચે મહિલાને રિક્ષામાં બેસાડી ભગાડી મૂકી હતી. સમગ્ર મામલે ૧૧૨ પર કોલ કરાતાં પોલીસ ઘટનાસ્થળે દોડી આવી હતી. બાદમાં પરિવારે સમજાવવાનો પ્રયાસ કરવા છતાં પતિએ તલાક આપવાની ધમકી આપી હતી. જેથી કંટાળી પરિણીતાએ આ મામલે પશ્ચિમ મહિલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે.

**ફિલ્મી ઢબે વોચ રાખી પર્દાફાશ કર્યો**

પરિણીતાને અગાઉ ૧ માર્ચ અને ૪ એપ્રિલ ૨૦૨૫ના રોજ પણ જીપીએસ ટ્રેકર મારફતે પતિ ગાંધીગ્રામની એક હોટેલમાં ગયો હોવાનું લોકેશન મળ્યું હતું. તે વખતે પરિણીતા પોતાના સંબંધી સાથે હોટેલ પહોંચી હતી અને પાર્કિંગમાં બાઈક પણ જોઈ હતી, પરંતુ હોટેલ મેનેજરે સીસીટીવી ફુટેજ આપવાનો ઈન્કાર કર્યો હતો અને પતિ ત્યાંથી ઉતાવળમાં નીકળી ગયો હતો. સતત મળતા પુરાવા છતાં પતિ વાત માનવા તૈયાર નહોતો. આખરે ૩૧ મેના રોજ પતિએ દુકાનના સીસીટીવી અને ફોન બંધ કરતાં જ પરિણીતા એલર્ટ થઈ ગઈ હતી. જીપીએસમાં એરપોર્ટ રોડની હોટેલનું સચોટ લોકેશન આવતાં જ પરિણીતા ત્રણેય બાળકો સાથે હોટેલ પહોંચી પતિને રંગેહાથ ઝડપી લીધો હતો.

# હવે 'આરપારની લડાઈ' : ઓછા પગારથી કંટાળેલા આંગણવાડી અને આશા વર્કર્સનું અમદાવાદમાં બે દિવસીય ઉપવાસ આંદોલન

અમદાવાદના સરદાર ગાર્ડન ખાતે રાજ્યભરની આંગણવાડી અને આશા વર્કર બહેનોએ ૨ દિવસીય ઉપવાસ-ધરણાં શરૂ કર્યા છે. વધતી મોંઘવારી અને કામના ભારણ સામે, ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન તથા આશા યુનિયનના નેતૃત્વ હેઠળ બહેનોએ સરકાર સામે મોરચો માંડ્યો. હાઈકોર્ટના વેતન વધારાના આદેશનો અમલ કરવા અને સુપ્રીમ કોર્ટમાંથી અપીલ પરત ખેંચવાની તેમની મુખ્ય માંગ છે. માંગણીઓ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચીમકી ઉચ્ચારાઈ છે.




વધતી જતી મોંઘવારી અને કામના સતત વધતા ભારણ સામે અમદાવાદના સરદાર ગાર્ડન ખાતે રાજ્યભરની આંગણવાડી અને આશા વર્કર બહેનોએ બે દિવસીય ઉપવાસ અને ધરણાં આંદોલન શરૂ કર્યું છે. ગુજરાત આંગણવાડી કર્મચારી સંગઠન તેમજ ગુજરાત આશા એન્ડ હેલ્થ વર્કર યુનિયનના નેતૃત્વ હેઠળ એકત્ર થયેલી બહેનોએ સરકાર સામે મોરચો માંડ્યો છે. આંગણવાડી વર્કરને માસિક માત્ર ૧૦,૦૦૦ રૂપિયા, હેલ્પરને ૫,૫૦૦ રૂપિયા અને આશા વર્કરને માંડ ૪,૫૦૦ રૂપિયા માનદ વેતન આપવામાં આવતું હોવાથી બહેનોમાં ભારે આક્રોશ વ્યાપેલો છે.

**હાઇકોર્ટના આદેશનો અમલ કરવા અને અપીલ પરત ખેંચવા માગ**

આંદોલન કરી રહેલી મહિલાઓનો મુખ્ય આક્ષેપ છે કે ગુજરાત હાઈકોર્ટે ઑગસ્ટ ૨૦૨૫માં આંગણવાડી વર્કર અને હેલ્પરના વેતન વધારીને અનુક્રમે ૨૪,૮૦૦ રૂપિયા અને ૨૦,૩૦૦ રૂપિયા કરવા ચુકાદો આપ્યો હતો. જોકે, રાજ્ય સરકારે હાઈકોર્ટના આદેશનો અમલ કરવાને બદલે સુપ્રીમ કોર્ટમાં અપીલ દાખલ કરી છે. આથી, પ્રદર્શનકારીઓએ માગ કરી છે કે સરકાર સુપ્રીમ કોર્ટમાંથી પોતાની અપીલ તાત્કાલિક પાછી ખેંચે, હાઈકોર્ટના ચુકાદાનો સત્વરે અમલ કરે અને વચગાળાની રાહત રૂપે રાજ્યનું લઘુતમ વેતન ચૂકવે. આ ઉપરાંત નિવૃત્તિ વયમર્યાદા સહિતના પડતર પ્રશ્નોનો પણ કાયમી ઉકેલ લાવવાની માગણી કરાઈ છે.

**વસ્તી ગણતરી અને BLO જેવી કામગીરી છતાં કાયમી હોદ્દો નહીં**

આંગણવાડી અને આશા વર્કર બહેનો સરકારની તમામ પાયાની કામગીરી નિભાવે છે. જેમાં બાળકોની સંભાળથી માંડીને ચૂંટણી સમયે BLOની કામગીરી, વસ્તી ગણતરી અને સરકારી મેળાઓની જવાબદારીઓ શામેલ છે. ICDS સેવાઓને ૫૦ વર્ષ પૂર્ણ થયા હોવા છતાં અને સરકારી કર્મચારીઓ સમકક્ષ કામગીરી કરાવવામાં આવતી હોવા છતાં તેમને માત્ર માનદ વેતનદાર ગણવામાં આવે છે. કેન્દ્ર કે રાજ્ય સરકાર દ્વારા તેમને કાયમી કર્મચારીનો દર્જ આપવામાં આવતો નથી, જે મહિલાઓનું શોષણ દર્શાવે છે.

**માગણીઓ નહીં સંતોષાય તો ઉગ્ર આંદોલનની ચેતવણી**

બહેનોએ સ્પષ્ટ શબ્દોમાં ચેતવણી આપી છે કે સરકાર માત્ર બેઠકો બોલાવીને વચનો આપે છે પરંતુ એકપણ વચનનું પાલન કરતી નથી. અગાઉ પણ વારંવાર રજૂઆતો, રેલીઓ અને ધરણાં કરવા છતાં કોઈ સકારાત્મક ઉકેલ આવ્યો નથી. હવે બહેનો ભૂખ વેઠીને આંદોલન કરવા મજબૂર બની છે. જો હાઈકોર્ટના આદેશ મુજબ વેતન વધારો અને લઘુતમ વેતનમાં સમાવેશ કરવાની વ્યાજબી માગણીઓ સંતોષવામાં નહીં આવે, તો આવનારા દિવસોમાં સંગઠન દ્વારા આનાથી પણ વધુ ઉગ્ર અને આરપારની લડાઈ લડવામાં આવશે.

# અમદાવાદ રેલવે સ્ટેશન પર ચામાં નશાકારક પદાર્થ ભેળવી મહારાષ્ટ્રના વેપારી સાથે ઠગાઈ, સોનાની ચેઈન અને બેંક ટ્રાન્સફર મારફતે લૂંટ

અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશને ચામાં નશાકારક પદાર્થ ભેળવી મહારાષ્ટ્રના ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરને લૂંટી લેવાયા. ૭ સપ્ટેમ્બરે સવારે ૮.૪૫ વાગ્યે, બે અજાણ્યા શખસોએ મિત્રતા કેળવી ચા પીવડાવી બેભાન કર્યા. ત્યારબાદ, સોનાની ચેઈન અને બેંક ટ્રાન્સફર દ્વારા રૂા.૭૭,૦૮૬ની ઠગાઈ આચરી હતી. આ મામલે કાલુપુર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે. અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન પર મહારાષ્ટ્રના ઈલેક્ટ્રિકલ કોન્ટ્રાક્ટરને એક અજાણ્યા યુવકે પગાર ન મળ્યાની ખોટી વિતકકથા સંભળાવી મિત્રતા કેળવી હતી. આ દરમિયાન યુવકે કોન્ટ્રાક્ટરને ચા અપાવવાનું કહ્યું હતું. જો કે, ચા પીધા બાદ કોન્ટ્રાક્ટર અચાનક બેભાન જેવી સ્થિતિમાં આવી ગયા હતા. તેવામાં યુવક સહિતના બે અજાણ્યા શખસોએ કોન્ટ્રાક્ટરની સોનાની ચેઈન અને બેંક ટ્રાન્સફર મારફતે લૂંટ કરી ઠગાઈ આચરી હોવાની ફરિયાદ કાલુપુર પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે.

**અમદાવાદ રેલવે સ્ટેશન પર ચામાં નશાકારક પદાર્થ ભેળવી મહારાષ્ટ્રના વેપારી સાથે ઠગાઈ**

આ ઘટના ૭ સપ્ટેમ્બરે સવારે ૮.૪૫ વાગ્યે ઘટી હતી, જ્યારે ઈલેક્ટ્રિકલ ફિટિંગના કામ અર્થે અમદાવાદ આવેલા ફરિયાદી જયપ્રકાશ શિવમણિ જટ, પોતાના કારીગર ક્રિશ્નાકાંત કમલેશ યાદવ સાથે મહારાષ્ટ્ર જતી ટ્રેન પકડવા માટે રેલવે સ્ટેશન પર રાહ જોઈ રહ્યા હતા.

**સોનાની ચેઇન અને બેંક ટ્રાન્સફર મારફતે લૂંટ**

રેલવે સ્ટેશનના સીડીઓ પાસે આશરે ૨૫ વર્ષની વયના યુવકે ફરિયાદી પાસે આવીને પોતાનું નામ રાજેશ યાદવ જણાવ્યું હતું. રાજેશે ફરિયાદીને જણાવ્યું હતું કે તેના શેઠે તેને માર માર્યો છે અને તેનો પગાર પણ અટકાવી રાખ્યો છે. રાજેશે પોતાની બેગમાં રોકડ રકમના બંડલો બતાવીને એવો દાવો કર્યો હતો કે તેની પાસે આશરે રૂા. ૨ લાખ છે, પરંતુ તે જાહેરમાં ઉપાડી કે નાણાકીય વ્યવહાર કરી શકે તેમ નથી.

**શું હતી સમગ્ર ઘટના?**

ત્યારબાદ રાજેશે ફરિયાદીને ચા અને પાણી અપાવવા માટે વિનંતી કરી હતી. ફરિયાદી રાજેશ સાથે વાતચીત કરી રહ્યા હતા તે દરમિયાન ૨૦-૨૨ વર્ષની વયનો અન્ય એક યુવક ત્યાં આવી પહોંચ્યો હતો અને ફરિયાદીને ચેતવ્યા હતા કે, રાજેશ પાસે મોટી રકમ હોવાથી તે લૂંટાઈ શકે છે. એટલે ફિયાદીને વાતમાં લઈને આરોપી યુવકે રેલવે સ્ટેશન બહાર ઈ-ગેટ નજીકની એક ચાની કિટલી પર જવા માટે રાજી કર્યા હતા.

**ચા પીધા બાદ ફરિયાદીને અચાનક માથું ભારે થયુ**

ફરિયાદીએ પોલીસને જણાવ્યું હતું કે, તે, રાજેશ અને બીજો યુવક ચાની કિટલી પર ગયા હતા, જ્યારે તેમનો કારીગર નજીકમાં જ ઉભો રહ્યો હતો. ચા પીધા બાદ ફરિયાદીને અચાનક માથું ભારે લાગવા માંડ્યું હતું અને તેઓ બેભાન જેવી સ્થિતિમાં આવી ગયા હતા. તેમની આ સ્થિતિનો લાભ ઉઠાવીને બંને શખસો તેમણે પહેરેલી સોનાની ચેઈન અને મોબાઈલ ફોન કાઢીને સ્થળ પરથી ફરાર થઈ ગયા હતા. ફરિયાદીએ આરોપીઓ સામે જ પોતાના મોબાઈલ ફોનનો પાસવર્ડ એન્ટર કર્યો હતો. આ જ પાસવર્ડનો ઉપયોગ કરીને આરોપીઓએ તેમના ગૂગલ પે એકાઉન્ટનો એક્સેસ મેળવ્યો હતો, જે બાદ તેમની યુનિટી સ્મોલ ફાઈનાન્સ બેંકના એકાઉન્ટમાંથી વિવિધ એકાઉન્ટ્સમાં રૂા.૭૭,૦૮૬ ટ્રાન્સફર કરી લેવામાં આવ્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. ફરિયાદના એક વિભાગમાં સોનાની ચેઈનની કિંમત આશરે રૂા.૭૫,૦૦૦ દર્શાવવામાં આવી છે, જ્યારે અન્ય વિભાગમાં તે રૂા.૨.૭૫ લાખ હોવાનું ઉલ્લેખાયું છે. આ ઉપરાંત મોબાઈલ ફોનની કિંમત રૂા.૧૫,૦૦૦ અને બેંક ટ્રાન્સફરના રૂા.૭૭,૦૮૬ નોંધવામાં આવ્યા છે. પોલીસ તપાસ દરમિયાન ચોક્કસ કિંમત અને કુલ થયેલા નુકસાનનો આંકડો સ્પષ્ટ કરે તેવી શક્યતા છે.

Published and Owned by **SATHWARA HITESH** and Printed by : **Hiteshbhai Panchal** and Printed at : **Shree Ganesh Offset**, A/6, Shubh Labh Estate, Near Mayur Soap Factory, Tavdipura, Dudheshwar, Ahmedabad-380004 and Published from 99 Mahadev Vas-2, Near Shark Market, Nava Badaj, Naranpura Bistar, Ahmedabad, Gujarat-380013. **EDITOR : SATHWARA HITESH**